*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**


દંસણ મૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી
વર્ષ ૨૧ઃ અધિક અંકઃ વીર સં. ૨૪૯૦, પ્ર. ચૈત્ર

અધિક અંક ૨૪૬
વર્ષઃ ૨૧
અંકઃ૬




અધિક અંક ૨૪૬
વર્ષઃ ૨૧
અંકઃ ૬



અહીં બે ચિત્રો છે તે જરા ધ્યાનથી જોશો... ઉપરનું ચિત્ર તો કલકત્તાના હાવરાબ્રીજનું છે... પણ નીચેનું બીજું ચિત્ર શેનું છે ? તે આપણે વિચારવાનું છે...

( ખ્યાલમાં ન આવે તો પરિચય આવતા અંકમાં જોશો. )



કહાનગુરુ સોનગઢમાં સીમંધરપ્રભુનાં દર્શન કરી રહ્યા છે...

( તા. ૪-૪-૬૪ ના રોજ ઉમરાળાથી ગઢડા તરફ જતાં વચ્ચે સોનગઢ
જિનમંદિરમાં દર્શન કરવા ગુરુદેવ પધાર્યા હતા. )

# પ્રભુદર્શનનો આહ્લાદ

શ્રી પદ્મનંદી પચ્ચીસીમાં એક જિનવરસ્તોત્ર છે તેમાં કહે છે કે ‘હે જિનેશ, હે પ્રભો! આપનાં દર્શનથી મારા નેત્ર સફળ થયા છે તથા મારું મન અને શરીર, જાણે કે અમૃતથી શીઘ્ર સીંચાઈ ગયાં હોય એમ ભાસે છે.’ પોતાના આત્માનું લક્ષ ને સર્વજ્ઞના ગુણોની ઓળખાણપૂર્વક કહે છે કે હે નાથ! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપી નેત્રોવડે આપને દેખવાથી મારી શ્રદ્ધા–જ્ઞાન પર્યાય સફળ થઈ ગઈ. બહારમાં જિનવરદેવની પ્રતિમાના દર્શનથી બહારની આંખો સફળ થઈ અને અંતરંગમાં જિનવરસ્વભાવી આત્માને દેખતાં જ અંતરના શ્રદ્ધા–જ્ઞાનરૂપી ચક્ષુ સફળ થયાં. હે જિન! આપને જોતાં હું મને સફળ માનું છું. વિકલ્પ થાય તેને હું જોતો જ નથી. તારા દર્શનથી મારી આંખો સફળ થઈ, અવતાર સફળ થયો અને અનંતકાળે નહિ થયેલો એવો અપૂર્વ આત્મભાવ પ્રગટ થયો. તારી ઓળખાણથી મારું જીવન સફળ થયું–ધન્ય થયું. હે નાથ! તારા દર્શનથી આત્મા તો આનંદમય થયો–અમૃતથી સીંચાઈ ગયો, પરંતુ શરીર અને મન પણ અમૃતથી સીંચાઈ ગયાં છે. જેમ ઘણાં લાંબા કાળે પોતાનાં વહાલા પુત્રને જોતાં જ સાચી માતાના હૃદયમાં હર્ષ ઉભરાઈ જાય, પુત્રપ્રેમથી છાતી ફૂલાઈ જાય અને વસ્ત્રની કસ તૂટી જાય તથા સ્તનમાંથી દૂધની ધાર છૂટે... તેમ હે ચૈતન્ય ભગવાન! અનંતકાળે તારા દર્શન મળ્યાં, તારા દર્શન વડે સ્વભાવ સમજવાથી મારો આત્મા ઉલ્લસિત થયો, મારા દ્રષ્ટિનાં બંધન તૂટી ગયાં, અને અમૃતની ધારા છૂટી, હું કૃતકૃત્ય થયો. અહા! એમ ન સમજશો કે આચાર્યદેવે આ વાણીનો વિલાસ કર્યો છે, આ તો યથાર્થ ઓળખાણના ભાવનો જ્ઞાનીનો ઉલ્લાસ છે. અસંખ્ય આત્મપ્રદેશ આનંદથી પ્રફુલ્લિત થયાં છે. હે નાથ! તારા દર્શન કરતાં મારો આત્મા તો અમૃતરસથી સીંચાઈ ગયો પરંતુ આત્માની પાડોશમાં રહેનારાં આ શરીર, મન અને વાણીને પણ તેની છાંટ લાગી તેથી તે પણ અમૃતરસથી ભીંજાઈ ગયાં! આ રીતે પૂર્ણ પરમાત્મપદના સાધક ધર્માત્માને પૂર્ણપદને પામેલા એવા ભગવાન પ્રત્યે ઉલ્લાસ આવે છે. તેમના પ્રતિબિંબનું દર્શન થતાં પણ જાણે કે સાક્ષાત્ ભગવાન જ ભેટયા હોય એવો આહ્લાદ આવે છે.

આમ જેને સ્વભાવ પ્રત્યે અને જિનદેવ પ્રત્યે યથાર્થ ઓળખાણ સહિત ઉલ્લાસ આવે તેણે ભગવાનના દર્શન અને સાચી ભક્તિ કરી.

***

# વિવિધ સમાચાર

પ્રવાસ દરમિયાન તા. ૧૩–૩–૬૪ ના રોજ સાંજે જેતપુરથી પૂ. ગુરુદેવ વગેરે ગીરનાર સિદ્ધિધામના દર્શન કરવા પધાર્યા હતા. તળેટીમાં જઈને એ પાવન સિદ્ધિધામના, તથા નેમિનાથ ભગવાનના દર્શન કર્યાં હતા. પોરબંદરમાં આઠ દિવસ દરમિયાન ઘણા જિજ્ઞાસુઓએ લાભ લીધો હતો. પોરબંદરના મહારાણાશ્રી વગેરે પણ પ્રવચનમાં આવ્યા હતા. પોરબંદરથી લાઠી થઈને પૂ. ગુરુદેવ તા. ૨૩ ના રોજ સાવરકુંડલા પધાર્યા, ત્યાં આઠ દિવસ રહ્યા; છેલ્લે દિવસે કાનાતળાવ ગામે પધાર્યા હતા; ત્યાં આખા ગામે ઉત્સાહથી ભાગ લીધો હતો. ત્યારબાદ મોટા આંકડિઆ થઈને તા. બીજી એપ્રીલે ગુરુદેવ જન્મનગરી ઉમરાળામાં પધાર્યા. આ પ્રસંગે સોનગઢ વગેરેથી પણ અનેક ભક્તજનો ઉમરાળા આવેલા ને ત્યાં બે દિવસ ઉત્સવ જેવું વાતાવરણ રહ્યું. પ્રવચનો ઉપરાંત પૂજનભક્તિ તેમજ રાત્રિચર્ચાના કાર્યક્રમો હતા. પૂ. બેનશ્રીબેને અદ્ભુત ઉમંગથી જન્મધામમાં ભક્તિ કરાવી હતી.

ઉમરાળાથી ગઢડા તરફ જતાં (તા. ૪–૪–૬૪ની સવારમાં) ગુરુદેવ સોનગઢ થોડીવાર પધાર્યા હતા.. બરાબર ત્રણ મહિને સીમંધરનાથના દર્શન કરતાં ગુરુદેવને ઘણી પ્રસન્નતા અને શાંતિની ઉર્મિઓ જાગતી હતી... ગુરુદેવના દર્શનથી સોનગઢવાસી ભક્તજનોને ખૂબ આનંદ થયો હતો.

હવે ગુરુદેવ ગઢડા, પાટી, રાણપુર, બોટાદ, અમદાવાદ થઈને મુંબઈ તરફ પધારશે. ચૈત્ર સુદ ૧૩ અમદાવાદમાં ઉજવાશે. મુંબઈ તા. ૩–૫–૬૪ ને રવિવારે પહોંચશે તા. ૧૩–૫–૬૪ (વૈશાખ સુદ ૨) હીરકજયંતીમહોત્સવ, તથા તા. ૨૨–૫–૬૪ (વૈશાખ સુદ ૧૧) દાદરજિનમંદિર–પ્રતિષ્ઠા મહોત્સવ છે.

* દાદર (મુંબઈ) માં જે સમવસરણમંદિર અને જિનમંદિર થયેલ છે તેની પંચ–કલ્યાણક–પ્રતિષ્ઠાનો મહોત્સવ, તેમજ ગુરુદેવની હીરકજયંતિનો મહોત્સવ મુંબઈ શહેરમાં આઝાદ મેદાનમાં ઉજવવાનું નક્કી થયું છે.

# ઉમરાળામાં ગુરુદેવનું પ્રવચન



**તા. ૨-૪-૬૪ના રોજ ગુરુદેવ જન્મધામ ઉમરાળામાં પધારતાં ઉમરાળાની જનતાએ આનંદપૂર્વક સ્વાગત કર્યું હતું; અને બપોરના પ્રવચનમાં હજાર જેટલા માણસો આવેલા, તેમાં ગ્રામ્યજનતા પણ સમજી શકે એવો સુગમ-અધ્યાત્મ ઉપદેશ ગુરુદેવે આપ્યો હતો.**

આ સમયસાર એક આત્મશાસ્ત્ર છે. આત્મામાં પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદ શક્તિરૂપે ભર્યો છે, તેનું ભાન પ્રગટ કરીને, તેમાંથી પૂર્ણ જ્ઞાનદશા પ્રગટ કરી તે સર્વજ્ઞ પરમાત્મા થયા. આ દરેક આત્મા પણ એવા જ સ્વભાવવાળો છે, પણ પોતે પોતાને ભૂલીને ચારગતિમાં અનંતકાળથી રખડી રહ્યો છે. આ આત્મા દેહથી ભિન્ન ને વિકારથી ભિન્ન શું ચીજ છે–તેના ભાન વગર બધી સાધના જૂઠી છે. આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ છે. આત્માનો કદી નાશ નથી. આ દેહ દેખાય છે તે કાંઈ આત્મા નથી; શબ્દો બોલાય તે પણ કાંઈ આત્મા નથી. પુણ્ય–પાપની શુભ–અશુભ લાગણી જીવ કરે તેના ફળમાં તેને અનુકૂળ કે પ્રતિકૂળ સામગ્રી મળે, પણ તેનાથી કાંઈ ચોરાશીના અવતારનો અંત ન આવે. આત્માની શક્તિમાં પડેલી પૂર્ણ આનંદદશા પ્રગટ થાય તેનું નામ મુક્તિ છે. એકવાર આવી મુક્તિ થયા પછી ફરીને અવતાર ન હોય. પણ તેને માટે એકવાર આત્માના સ્વરૂપની સમજણ કરવી જોઈએ. તેથી કહે છે કેઃ–

**જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત,**

જેને જ્ઞાન થયું, આત્માનું ભાન થયું તે ગૃહવાસમાં હોય તો ય તેનું અંતર સંસારથી જાુદું છે, જેમ ટોપરામાં અંદરનો સફેદ ગોટો, છાલાં ને કાચલાથી જાુદો છે, તેમ ધર્મી પોતાના ચૈતન્ય ગોળાને દેહથી ને કર્મથી જાુદો જાણે છે. અરે, હાથી જેવો દેહ હો કે કીડીની દેહ હો, –એ બંને દેહ અહીં પડી રહેશે ને આત્મા તેનાથી જાુદો છે તે બીજે ચાલ્યો જશે. રાતા છીલકા જેવા રાગથી પણ ચૈતન્ય ગોળો જાુદો છે. પર ચીજો આત્માથી જાુદી જ છે, તે કાંઈ આત્મા સાથે રહેતી નથી, ને આત્માનો સંસાર કાંઈ તેમાં રહેતો નથી. આત્માના જ્ઞાનાનંદ સ્વભાવને ઓળખીને તેમાં ઠરે તેનું નામ ધર્મ છે. આવો ધર્મ એક સેકંડ પણ જીવે નથી કર્યો. જે કરવાનું છે તે જીવે કદી નથી કર્યું; અને જે નથી કરવા જેવું તેના કર્તૃત્વમાં અનાદિથી રોકાયો છે. જેમ સાકરનો સ્વભાવ મીઠો છે તે તેનાથી જુદો નથી તેમ આત્માનો જ્ઞાનસ્વભાવ આત્માથી જાુદો નથી. પણ, જેમ સાકર એવા ત્રણ અક્ષરો સાકર નામની વસ્તુથી જાુદો છે, તેમ ‘આત્મા’ એવા અઢી અક્ષર આત્મા વસ્તુથી જાુદા છે. શબ્દોમાં આત્મા નથી ને આત્મામાં શબ્દો નથી.

અહીં પ૯મા કળશમાં આચાર્યદેવ કહે છે કે જેમ હંસ દૂધ અને પાણીને ભિન્ન અનુભવે છે તેમ ભેદજ્ઞાની ધર્માત્મા જ્ઞાનીને અને વિકલ્પોને ભિન્ન જાણે છે; તે જ્ઞાની વિકલ્પોના કર્તાપણે જરાય પરિણમતો નથી, જ્ઞાતા જ રહે છે.

આ ઉમરાળાથી લગભગ ૧પ૨પ માઈલ થાય છે, એવા પોન્નૂર ઉપર એક મહામુનિ કુંદકુંદાચાર્યદેવ રહેતા હતા, અતીન્દ્રિય આનંદની મોજમાં રહેનારા એ સંતે આ સમયસારશાસ્ત્ર રચ્યું છે, ને પછી અમૃતચંદ્રાચાર્યદેવે તેના ઉપર કળશો રચીને કલશ ચઢાવ્યો છે. અંતર્દ્રષ્ટિને સમજાવનાર એ અલૌકિક શાસ્ત્ર છે. તેમાં જ્ઞાન અને વિકારનું અલૌકિક ભેદજ્ઞાન કરાવ્યું છે. જેમ સોનાનો પારખૂ ધૂળધોયો ધૂળને અને સોનાને જાુદા શોધીને સોનું મેળવી લ્યે છે. –પણ એમ કોણ કરી શકે? કે જે સોનાને ઓળખતો હોય તે; તેમ અંતરમાં જ્ઞાન અને રાગની ભિન્નતાનો વિવેક કરનાર ધર્માત્મા સુવર્ણ જેવો જે ચૈતન્યસ્વભાવ અને ધૂળ જેવા જે રાગાદિ પરભાવો–તેમને ભિન્ન જાણે છે. નાના બાળક પણ આત્માની જિજ્ઞાસા કરી શકે છે, કોઈ કહે કે આંખ મીંચીને વિચાર કરીએ ત્યાં તો અંધકાર દેખાય છે, આત્મા નથી દેખાતો. –તો તેને કહે છે કે ભાઈ! આંખ બંધ કરતાં “આ અંધારું દેખાય છે” –એમ જાણ્યું કોણે? –જાણનાર કોણ છે? જે જાણનાર છે તે કાંઈ અંધકારસ્વરૂપ નથી. જાણનાર તો ચૈતન્ય પ્રકાશ છે, એ જ તું છો.

આત્માની આ વાત બધા સમજી શકે છે. સિંહ વગેરે પશુ પણ સમજી શકે છે. એક મોટો હાથી હતો. રાવણના હજારો હાથીમાં તે સૌથી મોટો પટ્ટ હસ્તી હતો. તે હાથી ઉપર બેસીને એકવાર રામ–લક્ષ્મણ વગેરે ચારે ભાઈઓ કેવળીભગવાનના દર્શન

કરવા ગયેલા, ત્યારે મુનિના ઉપદેશથી તે હાથી પણ વૈરાગ્ય અને આત્મજ્ઞાન પામ્યો હતો; પૂર્વભવનું પણ તેને ભાન થયું હતું. એટલે જે જીવ સમજવા માગે તે સમજી શકે તેવી આ વાત છે.

જેમ સાબુ અને પાણી વડે કપડાંનો મેલ કપાય છે તેમ ભેદજ્ઞાનરૂપી સાબુ અને સમરસરૂપી નિર્મળ પાણી, તેના વડે અંતરાત્માજીવ પોતાના ગુણોને ધોઈને નિર્મળ કરે છે.. ભેદજ્ઞાન વગર વિકારની મલિનતા ટળી શકે નહિ. ભાઈ, તને તારી કિંમત ન થાય, ને દુનિયાનો મહિમા ન જાય ત્યાં સુધી તારા આત્માનું હિત ન થાય. માટે ચિદાનંદતત્ત્વનું ભાન કરવું–તે કર્તવ્ય છે.

**અનંતકાળે મળેલા આ ચિંતામણિ જેવા માનવ જીવનને પામીને, રે જીવ! તું વિષયભોગોથી વિરક્ત થા.. ને ચૈતન્યના અતીન્દ્રિય સુખનો આસ્વાદી થા..**

(ઉજમબા સ્વાધ્યાય ગૃહ: ઉમરાળા)

## ગુરુદેવનો કાર્યક્રમ નીચે મુજબ છે-

ગઢડા (તા. ૪–૫ એપ્રીલ)
પાટી (તા. ૬)
રાણપુર (તા. ૭ થી ૧૧)
બોટાદ (તા. ૧૨ થી ૧૯)
બરવાળા (તા. ૨૦)
અમદાવાદ (તા. ૨૧ થી ૨૪)
વડોદરા (તા. ૨૫)
મીયાંગામ (તા. ૨૬)
પાલેજ (તા. ૨૭–૨૮)
સુરત (તા. ૨૯–૩૦)
બિલિમોરા (તા. ૧–૫–૬૪)
ઘાટકોપર (તા. ૨)
મુંબઈ પ્રવેશ (તા. ૩ રવિવાર ચૈત્ર વદ ૭)

## જરૂરી સૂચના

આત્મધર્મના આ અંકને ચૈત્ર માસનો (૨૪૬ મો) અંક ગણવો, (અધિક અંક નહિ); એટલે હવે પછીનો અંક નં. ૨૪૭ મો વૈશાખ સુદ બીજે પ્રગટ થશે. (અધિકમાસનો જુદો અંક આ વખતે પ્રગટ નથી કરેલ. મુખપૃષ્ઠ ઉપર અધિક અંક લખેલ છે. તેને બદલે (નં. ૨૪૬) સમજવું.

# ઉમરાળામાં જન્મધામ અને જિનમંદિરના શિલાન્યાસ પ્રસંગે ભાઈશ્રી હિંમતલાલ જે. શાહનું ભાષણ

[ આજથી ૧૧ વર્ષ પહેલાંની વૈશાખસુદ પુનમે ઉમરાળામાં જ્યારે પૂ. બેનશ્રીબેનના સુહસ્તે જન્મધામમાં શિલાન્યાસ થયું ત્યારે વિદ્વાન ભાઈશ્રી હિંમતલાલ જે. શાહે કરેલું ભાષણ અહીં આપ્યું છે. ]

"ભવ્યજીવોના ભવનો નિસ્તાર કરનાર પરમોપકારી પૂ. ગુરુદેવશ્રીનો જે પવિત્રસ્થાનમાં જન્મ થયો હતો, જ્યાં તેઓ પારણામાં ઝુલ્યા હતા, જ્યાંની ધૂળ તેમની પગલીઓથી પવિત્ર બની હતી, જ્યાં તેઓ રમ્યા હતા, જ્યાં તેમણે વ્યાવહારિક અભ્યાસ દરમ્યાન પણ તેનાથી ઉદાસીન રહી વૈરાગ્યના વિચારો કર્યાં હતા અને દીક્ષિત થયા હતા, તે પવિત્રસ્થાનના દર્શન કરવાથી સર્વ મુમુક્ષુઓને ઉલ્લાસ થાય છે. સમસ્ત જૈનજગતમાં જબ્બર ક્રાંતિ કરનાર, સદ્ધર્મના પરમપ્રભાવક મહાપુરુષોના જન્મસ્થાનની રજ શિરે ચડાવી અને અપૂર્વ શિલાન્યાસ ઉત્સવ ઉજવી આપણે આજે ભાગ્યશાળી થયા છીએ. પૂ. ગુરુદેવશ્રીના પ્રભાવથી સૌરાષ્ટ્રમાં ઠેરઠેર અનેક જિનમંદિરો થયા છે, અને તેના શિલાન્યાસ પ્રસંગો ઉજવાયા છે પરંતુ તે બધાને વિષે આ પ્રસંગ અમુક અપેક્ષાએ વિશિષ્ટ પ્રકારનો છે. કારણકે તે સર્વ જિનમંદિરોનું મૂળિયું એક અપેક્ષાએ આ સ્થાનમાં રહેલું છે. સમસ્તભારત વર્ષમાં સતનું આંદોલન ફેલાવનાર મહાપુરુષ આ પવિત્રસ્થાને આપણને આપ્યો છે. પવિત્રધામ અધ્યાત્મમૂર્તિ પૂજ્ય શ્રી ગુરુદેવના જન્મ સાથે અને બાળવયના જીવનપ્રસંગો સાથે સંકળાયેલું હોવાથી મુમુક્ષઓને ભક્તિભાવનું નિમિત્ત છે. એટલું જ નહિ પણ અહીં જે ઘરમાં કહાનગુરુનો જન્મ થયો તેજ ઘરમાં ચૈત્યાલય કરીને ભગવાન સીમંધરનાથને બિરાજમાન કરવાના છે, અને સ્વાધ્યાયશાળા પણ કરવાની છે.

–એ રીતે પ્રસંગની મહત્તા દર્શાવીને પૂ. શ્રી ગુરુદેવે કરેલા અપાર ઉપકાર વર્ણવીને, તથા 'મુમુક્ષુઓના જીવનાધાર ગુરુદેવનો પ્રભાવના ઉદય સદા જયવંત વર્તો અને આપણા અનંત દુઃખનો અંત લાવી શાશ્વતસુખની પ્રાપ્તિ કરાવો' એમ ભાવના ભાવીને ભાઈશ્રી હિંમતભાઈએ પ્રવચન પૂર્ણ કર્યું હતું.

–અને જ્યારે ઉમરાળામાં પ્રતિષ્ઠામહોત્સવ થયો ત્યારે વિમાનદ્વારા રત્નાદિની વૃષ્ટિ થઈ હતી.. તે પ્રસંગ આજેય ભક્તજનો યાદ કરે છે.

***

# પંચ પરમેષ્ઠીના સ્મરણથી વિઘ્ન ટળે છે

શ્રી પંચ પરમેષ્ઠીને ઓળખીને તેના સ્મરણ–વંદનાદિથી વિઘ્ન ટળે છે–એમ કહ્યું છે, ત્યાં વિઘ્ન એટલે બહારના સંયોગ ન સમજવા, પણ આત્મામાં તે વખતે તીવ્ર કષાય ટળી જાય છે, તીવ્ર કષાય તે જ વિઘ્ન છે, તે વિઘ્નનો પંચ પરમેષ્ઠીના સ્મરણથી નાશ થાય છે. પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરવા છતાં બહારમાં સિંહ ખાઈ જતા હોય એવો સંયોગ પણ હોય. પરંતુ એ સંયોગ તે કાંઈ વિઘ્ન નથી. પણ તે વખતે પંચ પરમેષ્ઠીના સ્મરણથી તે સંયોગનું લક્ષ છૂટી જાય છે, અને પાપભાવ ટળી જાય છે, તે જ વિઘ્ન ટળી ગયા છે, બહારનો સંયોગ રહે કે ટળે તેની સાથે કાંઈ સંબંધ નથી.

ચૈતન્યની પર્યાયમાં વિકાર થાય તેને જાણે અને તે વિકારરહિત ચૈતન્ય સ્વભાવને જાણે ત્યારે ભેદજ્ઞાન થાય છે, દેહાદિ જડની ક્રિયાથી જુદો અને મિથ્યાત્વ વગેરે વિકારથી રહિત એવા ચૈતન્ય સ્વભાવની પ્રતીત અને જ્ઞાન કરવાં તે જ મોક્ષનો પ્રથમ ઉપાય છે.

દર્શન–જ્ઞાનસ્વભાવની ઓળખાણ થયા પછી વિશેષ અભ્યાસ વડે સ્વભાવની સ્થિરતા કરે છે ત્યારે સંત–મુનિદશા પ્રગટે છે, તે દશામાં વસ્ત્રાદિ પરિગ્રહનો રાગ હોતો નથી તેથી ત્યાં વસ્ત્રાદિ કાંઇ હોતું નથી, સહજપણે વસ્ત્રાદિ છૂટી જાય છે; ત્યાં જે વસ્ત્રાદિ છૂટી જાય છે તે તો જડની ક્રિયા છે, તેનો કર્તા આત્મા નથી. આત્મા તો સ્વરૂપ સ્થિરતારૂપ ક્રિયાનો જ કર્તા છે અને તે જ સાચી મુનિદશા છે. ધન્ય તે મુનિદશા! જેઓ રાત્રિ અને દિવસ નિરંતર સ્વરૂપના પરમ અમૃતમય નિરાકૂળ સ્વાદને અનુભવી રહ્યા છે, એક સમયના પણ પ્રમાદ વગર કેવળજ્ઞાનસ્વરૂપને સાધી રહ્યા છે, જેમને સ્વરૂપ–સાધન કરતાં કદી પણ થાક લાગતો નથી–એવા પરમ પુરુષ શ્રી સંત મુનિશ્વર ભગવંતોના ચરણકમળમાં નમસ્કાર હો! એ પરમ દશા વગર મુનિદશા હોય નહિ. મુનિદશા પણ પરમેષ્ઠીપદ છે, ને તેના સ્મરણવડે પણ આત્મામાંથી વિઘ્નકારી એવા અશુભભાવો દૂર થાય છે. એની ઓળખાણ અને ભાવનાવડે મંગળભાવો પ્રગટે છે.

# ઉ.... દ્.... બો.... ધ.... ન

“હે આત્મા હવે બસ !!! નર્કના અનંત દુઃખો જે સાંભળતાં પણ હૃદયમાં કંપારી ઊઠે, એવા દુઃખો અનંત–અનંત વાર તે સહન કર્યાં. પણ તારું સાચું ભાન એક ક્ષણ પણ અનંતકાળમાં કર્યું નથી; આ ઉત્તમ મનુષ્યજીવનમાં અનંત કાળનાં અનંતદુઃખો ટાળવાનો વખત આવ્યો છે અને અત્યારે જો તું તને ( તારા સ્વરૂપને, જાણવાનો સાચો ઉપાય નહિ કર તો ફરી અનંતકાળ ચોરાશીમાં ભ્રમણ કરવું પડશે... માટે જાગૃત થા !

આત્માને ઓળખ્યા વગર છૂટકો નથી. વસ્તુના ભાન વગર જઈશ કયાં ? તારું સુખ–શાંતિ તે તારી વસ્તુમાંથી આવે છે કે બહારથી ? તું ગમે તે ક્ષેત્રે જા પણ તું તો તારામાં જ રહેવાનો ! તારું સુખ સ્વર્ગમાંથી નથી આવવાનું, તું તારાથી કોઈ કાળે કે કોઈ ક્ષેત્રે જુદો પડવાનો નથી. માત્ર તારા ભાનના અભાવે જ તું દુઃખી થઈ રહ્યો છો. તે દુઃખ દૂર કરવા માટે ત્રણે કાળના જ્ઞાનીઓ એક જ ઉપાય બતાવે છે કેઃ–

**“આત્માને ઓળખો”**

હે જીવો ! તમે જાગો, મનુષ્યત્વ અત્યંત દુર્લભ છે; અજ્ઞાનમાં રહીને સદ્‌વિવેક પામવો અશકય છે. આખો લોક ( સંસાર ) કેવળ દુઃખથી સળગ્યા કરે છે, અને પોત–પોતાના કર્મો વડે અહીં તહીં ભમ્યા કરે છે, એવા સંસારથી મુક્ત થવાં હે જીવો ! તમે સત્વર આત્મભાન સહિત જાગો ! જાગો !

હે જીવ ! હે આત્મા ! હવે કયાં સુધી ખોટી માન્યતા રાખવી છે ? ખોટી માન્યતામાં રહીને અનાદિથી અજ્ઞાનની મોહજાળમાં મુંઝાઈ રહ્યો છો, હવે તો જાગ ! એકવાર તો ખોટી માન્યતાથી છૂટીને, અજ્ઞાનની મોહજાળને ફગાવીને તારા મૂળ સ્વરૂપને જો !

સાચું સુખ કેમ પ્રગટે ? સાચું સુખ આત્મામાં જ છે, બહાર કયાંય સાચું સુખ નથી જ. આત્મા પોતે સુખ સ્વરૂપ છે. જ્યારે સમ્યગ્દર્શન દ્વારા પોતાના સ્વરૂપને બરાબર જાણે ત્યારે જ સાચું સુખ પ્રાપ્ત થાય. તે માટે પ્રથમમાં પ્રથમ સત્પુરુષને ચરણે અર્પાઈ જવું જોઈએ અને રુચિપૂર્વક નિરંતર સત્‌નું શ્રવણ–મનન કરવું જોઈએ.

દુઃખથી છૂટીને સુખ મેળવવાનો ઉપાય દરેક આત્મા કરે છે, પણ પોતાના સત્ય–સ્વરૂપના ભાન વગર, સાચો ઉપાય કરવાને બદલે ખોટો ઉપાય કરી કરીને અનાદિથી અજ્ઞાનને લીધે દુઃખને જ ભોગવે છે. તે દુઃખથી છૂટવા માટે ત્રણેકાળના જ્ઞાનીઓ એક જ ઉપાય બતાવે છે કે આત્માને ઓળખો.

***

# વૈ... રા... ગ્ય... વા... ણી

**વૈરાગ્યના કોઈ પ્રસંગે પૂ. ગુરુદેવ વગેરેના વૈરાગ્યપ્રેરક વચનોમાંથી અહીં જિજ્ઞાસુઓને ઉપયોગી કેટલુંક સંકલન આપ્યું છે. ગમે તે પ્રસંગે શાંતરસનું પાન કરાવીને આત્માને હિંમત આપનારી આ વૈરાગ્યવાણી સૌને ગમશે.**

**ધર્માત્મા-સન્તોનું** દર્શન કોઈપણ પરિસ્થિતિમાં મુમુક્ષુ જીવને ઉત્સાહિત કરે છે... ધર્માત્માને દેખતાં જ એનાં દેહદુઃખ ને જીવનદુઃખ બધુંય એકવાર તો ભૂલાઈ જાય છે. મોટા મોટા દાક્તરોની દવા જે દર્દને નથી દબાવી શકતી, તે દર્દ ધર્માત્માના એકજ વચનથી ભૂલાઇ જાય છે. એક કવિએ ગઝલમાં સાચું જ કહ્યું છે કે–

જગતમાં જન્મવું મરવું
નથી એ દરદનો આરો;
તથાપિ શાંતિદાતા બે
હકીમો સંત ને તીર્થો.
સદા સંસારનો દરિયો
તૂફાની ફેની અંધારો;
દીવાદાંડી સમા બે ત્યાં
અડગ છે સંત ને તીર્થો.

મહાભાગ્યે આપણને આજે એવા અડગ દાંડીદીવા સમા સન્તધર્માત્માનાં દર્શન –વચનનો લાભ પ્રાપ્ત થાય છે... તેઓની ઉત્સાહપ્રેરક વૈરાગ્ય વાણી બધા જીવોને માટે ખૂબ ઉપકારી છે.

રોગ થાય, કળતર થાય–એ શરીરની અવસ્થા છે, એનું લક્ષ ભૂલી જવું; આત્માના જ્ઞાનઆનંદના વિચારમાં ચડી જવું. નરકમાં ૩૩–૩૩ સાગરોપમ સુધી ઘોર વેદના જીવે સહન કરી છે. શરીરનો સ્વભાવ ફરશે નહિ, માટે આપણે સમતા રાખવી. "હું તો ચૈતન્યસ્વરૂપ જ્ઞાન છું" –એમ ફડાક દઈને પરથી ભિન્ન ચૈતન્યમાં દ્રષ્ટિ વાળી લેવી. પછી શરીરનું થવાનું હોય તે થાય. 'શરીરમાં નવી નવી વ્યાધિ થયા કરે છે' –પણ ભાઈ! ઊંટના તો અઢારેય વાંકા! ... આ શરીરના પરમાણુ સ્વયં કર્તા થઈને એવી દશારૂપે પરિણમી રહ્યા છે. મૃત્યુ તો એકવાર થવાનું છે... એમાં જ્ઞાનસ્વરૂપની દ્રષ્ટિ વગર કલ્યાણ નથી. ચૈતન્યશક્તિના ગર્ભમાં પરમાત્મા બિરાજે છે– તેનું સ્મરણ કરવું.

શરીરનો અધ્યાસ ઘણાકાળનો છે, માટે ભિન્નતાનો વિચાર કરવો... અત્યારે નિવૃત્તિનો વખત કરવો.... અત્યારે નિવૃત્તિનો વખત છે. કંઈક નવું કરવું. દેહનું લક્ષ છોડીને ચૈતન્યના અમૃત ઉપર દ્રષ્ટિ મુકવા જેવું છે.

અંદરની ગુપ્ત ગુફામાં અખંડ આનંદમૂર્તિ આત્મા બેઠો છે, તે અમર છે. એનું લક્ષ કરવું. શરીરનું તો થયા કરે. એક માણસને આઠઆઠ વર્ષ સુધી એવો રોગ રહ્યો કે શરીરમાં ઈયળો પડેલી... એમાં શું છે? દ્રષ્ટિ ત્યાંથી ખેંચી લેવી. આપણે તો આત્માના અસ્તિત્વ વગેરે ગુણોનો વિચાર કરવો. આત્મા આનંદકંદ છે.

આપણે તો આત્માનું સંભાળવાનું છે. આ શરીરનો રોગ તો ઠીક, પણ મુખ્ય રોગ આત્માનો છે. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ... ' એ અનાદિનો રોગ છે તે મટાડીને આત્માનું સારૂં કરવાનું છે. 'આત્મા શુદ્ધ–બુદ્ધ–ચૈતન્યઘન છે... ' બસ, એના જ વિચાર કરવા. ગભરાવું નહિ; આ પોતાનું હિત કરવાનો ટાઈમ છે. આત્મા સહજાનંદમૂર્તિ છે–એનો વિચાર કરવો.

આત્મા અસંખ્યપ્રદેશી, અખંડ, અનંત ગુણનું ધામ છે, સમયે સમયે જે પરિણામ થાય તેનો તે જોનાર–જાણનાર છે. એ જ સમાધિનો મંત્ર છે. આવો મનુષ્યદેહ મળ્યો; સત્સમાગમનું આવું સાધન મળ્યું, –પછી શું છે? બસ, જ્ઞાનસ્વરૂપ આત્માની ભાવના ભાવવી.. ઉત્સાહ રાખવો...

શરીરમાં રોગાદિ તો આવે, અંદરમાં બહાદૂર થતાં શીખવું જોઈએ. જુઓને, આત્મા તો દેખનારો, જ્ઞાન–શાંતિનું ધામ છે... અંદર કફ રહી ગયો–તેનોય જાણનાર છે. કોઈની પર્યાય કોઈમાં આવે નહિ. સૌ પોતપોતાની પર્યાયમાં પડયા છે. શરીરને આત્મા અડતોય નથી. ખાલી કલ્પના કરે છે કે આમ કરું તો આમ થાય. શરીરમાં રોગ આવે ને બધું થાય, –અંતરમાં આત્માનો પુરુષાર્થ કરવાનો છે. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે–તેનું ભાન કરવું–એ જ ખરો મંત્ર છે. રાગથી પણ રહિત છે ત્યાં દેહની શી વાત? –એવા શુદ્ધ નિરંજનચૈતન્યનો વિચાર કરવા જેવો છે, તેને લક્ષમાં લઈને તેનું મનન કરવા જેવું છે. બાકી આ દેહની ચિંતા કરવાથી કાંઈ તેનું નથી મટવાનું; એનું લક્ષ કરવાથી કે એના વિચાર કર્યા કરવાથી કાંઈ એ મટવાનું નથી. –તેમાં ધીરજ રાખવી ને આત્માના વિચારમાં મન પરોવવું. –તેમાં જ શાંતિ છે. બહારનું કાંઈ ધાર્યું થોડું થાય છે? –એ તો પરમાણુની પર્યાય છે.

શરીર શિથિલ થઈ ગયું, રોગાદિ આવ્યા ને દેહ છૂટવાનાં ટાણાં આવ્યા... હવે દુશ્મન સામે તૈયાર થઈ જાવ... રાગ અને મોહરૂપી દુશ્મન સામે કમ્મર કસો... હું તો સિંહ જેવો છું–એમ પુરુષાર્થ શું કરવા ન થાય? રોગની વેદના કાંઈ આત્મામાં થાતી નથી, આત્મા તો જાણનાર છે–એનું લક્ષ રાખવું. હું ને દેહ જુદા છીએ, જ્ઞાન અને શાંતિનો

પિંડ મારો આત્મા છે–તેનું ગ્રહણ કરવું. આત્માનું રટણ કરવું–તે જ કરવાનું છે. 'હું જાણનાર છું, મારામાં વેદના નથી, દુઃખ નથી, વ્યાધિ નથી; હું જ્ઞાનને આનંદનો પિંડ છું. ' પોતે પોતાનું કામ કરવું. જાગૃતી રાખવી; શાંતિ રાખવી. આ તો આરાધનાનો કાળ આવ્યો છે–માટે એના વિચાર કરવા. કોઈ સંભળાવે, ન સંભળાવે, પણ પોતે પોતાનું રટણ ચાલુ રાખવું.

## ભાઈ, શરીર તારું કહ્યું નથી માનતું તો તેના ઉપર પ્રેમ શા માટે કરે છે?

ગુરુદેવ વૈરાગ્યનો ઉત્સાહ જગાડતાં કહે છે કેઃ ભાઈ શરીરમાં ફેરફાર થાય તેમાં આત્માને શું? વિકલ્પને ચિંતા કરવાથી શું મળે છે? ચિન્તા શરીરને કામ આવે તેમ નથી, તેમ ચિંતા આત્માનેય કામ આવે તેમ નથી–આમ બંને બાજુથી તે નિરર્થક છે. શરીર થોડું જ કાંઇ તારું માનવાનું છે? આનંદને શાંતિ બધું આત્મામાં છે, બાકી આ ધૂળના ઢીંગલામાં કાંઈ નથી; મફતનો આમથી આમ, ને આમથી તેમ કર્યા કરે છે. શરીર તો છોડીને જવાનું છે, તે કાંઈ રહેવાનું નથી.

અરે, આ શરીર તારું કહ્યું માનતું નથી તો તેની સાથે પ્રેમ શું કરવા કરે છે? પોતાનું માને નહિ એના ઉપર પ્રેમ શેનો? શરીરમાં આત્માનું ધાર્યું થાય નહિ. શરીરની ક્રિયા તે જડની ક્રિયા છે. જુઓને, સમયસાર વગેરેની ટીકામાં છેલ્લે આચાર્યદેવ કહે છે કે આ ટીકાના શબ્દોની રચના–એ પરમાણુથી બનેલી છે, તે મારું કાર્ય નથી. જ્યાં ટીકા લખવાની આવી સ્થિતિ.. ત્યાં આ તો ઠેઠ ક્યાં આવ્યું!

આત્મા અંદર એકલો અબંધસ્વરૂપ છે. અંતર્મુખ થઈને તેમાં જેટલો રોકાય તેટલો જ લાભ છે, શુભાશુભ વિકારમાં રોકાયેલો છે તેટલું નુકશાન છે. બાકી તો બહારમાં જેમ છે તેમ છે. આ શરીરની સ્થિતિ જુઓને! સંસાર એવો જ છે. પરવસ્તુ તારાથી તદ્ન જુદી–તેમાં તું શું કર?

શરીર નબળું પડયું... પણ જે આપણી સામું થાય, જે આપણું ધાર્યું ન કરે તેના સામે શું જોવું? આ શરીર તો આડોડિયું છે... એ તો ઉંટના અઢારે અંગ વાંકા–જેવું છે. એની તો ઉપેક્ષા કરવા જેવી છે કે જા, તારા સામે હું નથી જોતો! જેમ ઘરમાં કોઈ સામું થાય, આડોડાઇ કરે તો તેની સાથે વ્યવહાર શું કરવો? –તેને ઘરમાં કોણ રાખે? તેમ શરીર તો આત્માથી વિરુદ્ધ સ્વભાવવાળું છે, એ ઘડીકમાં ફરી જાય ને આડું ચાલે, એની સાથે સંબંધ શું કરવો? એનું લક્ષ તોડી નાખવું. અંદર રાગ રહિત આત્મા ચૈતન્યસૂર્ય બિરાજે છે તેની સામે જો. દેહની અનુકૂળતામાં કે રાગમાં આનંદ માને છે તે તો દુઃખ છે; ચૈતન્યસ્વભાવ આનંદરૂપ છે તેનું લક્ષ કરવું.

શુદ્ધ જ્ઞાનરૂપી આત્મા આ દેહદેવળમાં સંતાણો છે. ભાઈ! જ્યાં તારા શરીરના પરમાણુ ફરવા માંડયા ત્યાં તેને કોણ રોકે? કાં જ્ઞાતા રહીને જાણ... ને કાં વિકલ્પ કરીને દુઃખી થા. પોતાના અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે ગુણો

પોતામાં પ્રણમી રહ્યા છે; તેનો બરાબર વિચાર કરવો. શરીરનું થવાનું હશે તે થયા કરશે. આત્માનું સ્મરણ કરવું. ભાવના સારી રાખવી. રોગ તો અનેક જાતના આવે સનતકુમાર ચક્રવર્તી જેવાનેય કેવા રોગ આવ્યા હતા! પણ આત્મામાં રોગ કયાં છે? રોગ પરદ્રવ્ય છે. મારો આત્મા ચૈતન્ય છે, જ્ઞાન–આનંદનો પિંડ છે–એવું રટણ કરવું. આ તો વિચારમનન કરવાનું ટાણું છે, તેનો પ્રયત્ન કરવો.

આત્મા પુણ્ય–પાપથી ભિન્ન ને દેહથી ભિન્ન એકલો ચૈતન્યકંદ આનંદધામ છે. બસ, એકલો.. એના જ વિચાર, વિચાર ને વિચાર 'કર વિચાર તો પામ!'

ભેદજ્ઞાનના પ્રયોગ કરવાના ટાણાં આવ્યા છે. જેમ કસરત કરે છે ને! તેમ આમાં આત્મા ને શરીરના જુદાપણાની કસરત કરવાના ટાણાં આવ્યા; કહ્યું છે ને કે–જેટલા સિદ્ધ થયા છે તે બધાય ભેદજ્ઞાનથી જ, એટલે કે રાગથી ભિન્નતા ને ચૈતન્ય સાથે એકતા કરીને જ સિદ્ધ થયા છે. –એના અભ્યાસના આ ટાણા આવ્યા છે.

શરીર અને આત્મા અત્યંત જુદા, એક–બીજાને અડતા પણ નથી. આ શરીર તો માટીનું કલેવર ને ભગવાન આત્મા અમૃતનો પિંડ. અમૃતસ્વરૂપ ચૈતન્યઘન ભગવાન આત્મા પોતાને ભૂલીને મૃતકકલેવરમાં મૂર્છાણો! –એમ સ. ગા. ૯૬ માં આચાર્યદેવે આ શરીરને (અત્યારે જ) મૃતકકલેવર કહ્યું છે.

અરે, આ તો નિવૃત્તિ મળી છે. વિશેષ સ્વાધ્યાય–વિચારનું ટાણું છે. અરે, આ તો શું વ્યાધિ છે? –નરકની પીડા તો કેટલી? –છતાં ત્યાં પણ વિચાર કરીને જીવો આત્માનું ભાન પામે છે. ભગવાન આત્મા ચૈતન્યમંદિર છે–તેના વિચારમાં કોણ રોકનાર છે?

શરીરમાં તો બધા પડખેથી વ્યાધિએ ઘેરો ઘાલ્યો હોય, અરે, પણ આ બીજી બાજુ આખો આત્મા બેઠો છે ને? –એ શુદ્ધ જ્ઞાન–આનંદના ચૈતન્યસામર્થ્યથી ભરેલો –મોટો વાઘ જેવો–તે બકરાંને ભગાડી મુકે. એની સામે જોતાં જ આ વ્યાધિનું લક્ષ ભૂલાઈ જાય. –આવા તો કંઈક રોગ આવે ને જાય, તેનાથી જુદું પોતાનું સામર્થ્ય રાખીને ભગવાન આત્મા અંદર બેઠો છે. –એના વિચાર કરવા.

શરીર તો અચેતન–પુદ્ગલનો પિંડ છે;
હું તેનો કર્તા કે આધાર નથી;
તેનો મને પક્ષપાત નથી;
તેનું થવું હોય તે થાઓ...
હું તો મારામાં મધ્યસ્થ છું.

આસ્રવને તોડી પાડનારો આ ધનુર્ધર–સમ્યગ્દ્રષ્ટિબાણાવળી ભેદજ્ઞાનના ટંકાર કરતો ફડાક–ફડાક દેહ–મન–વાણીને અને રાગને ભેદીને આત્માથી ભિન્ન કરે છે. –આવા ભેદજ્ઞાનનો વારંવાર વિચાર કરવો. ધનુષના ટંકાર કરતો ભગવાન આત્મા જાગ્યો ત્યાં રાગ ભાગ્યો... દેહ તો ક્યાંય બહાર રહી ગયો! દેહ ચીજ જ જુદી છે; તેને ને તારે શું સંબંધ છે?

શરીર નબળું પડતું જાય છે પણ આત્મામાં સબળાઈ રાખવી. આત્મામાં સબળાઇ છે તેનો

(–આત્માની અનંતશક્તિનો) વિચાર કરવો, ને દેહની આડે ભિન્નતાની પાળ બાંધી દેવી. અંદર ચૈતન્યબાદશાહ બિરાજે છે તે મહા ચૈતન્ય પરમેશ્વર છે, તેના વિચાર–મનન કરવું. અંદર ભગવાન આત્મા આનંદનો દરિયો છે. આનંદ આત્મામાં છે તેની રુચિ અને વિશ્વાસ ઘૂંટવા જોઈએ. આત્માને અને આસ્રવભાવોનેય જ્યાં એકતા નથી ત્યાં દેહ સાથે તો એકતાની વાત જ શી?

ભગવાન મહાવીર મોક્ષમાં પધાર્યા... હવે સમશ્રેણીએ જે સ્થાનમાં ગયા ત્યાં સિદ્ધાલયમાં સાદિ અનંત કાળ સુધી... અનંતકાળ સુધી એક જ સ્થાનમાં પૂર્ણાનંદપણે એમને એમ રહેવાના. સંસારભ્રમણમાં તો ઘડીકમાં અહીં ને ઘડીકમાં બીજી ગતિમાં, –અહીંથી ત્યાં ભ્રમણ થતું, એક સ્થાને સ્થિરતા ન હતી; હવે આત્મા પોતામાં પૂરો સ્થિર થતાં બહારમાં પણ સાદિઅનંત એક જ ક્ષેત્રે સ્થિર રહે છે–આવું યાદ કરીને ભાવના તેની ભાવવા જેવી છે. આ શરીર તો રોગનું ઘર છે, એમાંથી આત્મા જેવો ભિન્ન છે તેવો કાઢી લેવો. પહેલાં દ્રષ્ટિમાં ને જ્ઞાનમાં એને જુદો તારવી લેવો.

આત્મામાં તો વીરતા ભરેલી છે, આત્મા તો વીર છે. શરીર જવાની તૈયારી હોય તો રાખવાનું શું કામ છે? આત્માને શરીર જોઈતું નથી, તે જતું હોય તો ભલે જાય. આત્માને શરીર જોઈતું નથી ને સિંહ ખાઈ જતા હોય તો ભલે લઈ જાય... મુનિને ક્ષોભ થતો નથી.. એ તો જાણે મિત્ર મળ્યો! –આવી અપૂર્વદશા ક્યારે આવશે તેની ભાવના ભાવી છે. સંસાર છે એ તો... શરીરનું હાલ્યા જ કરે... ખરૂં તો આત્માનું કરવાનું છે.

મરણટાણે જિંદગીના અભ્યાસનો સરવાળો આવે છે; એ વખતે ભેદજ્ઞાનપૂર્વક કે તેની ભાવનાપૂર્વક શાંતિથી દેહ છોડે તેનું ડહાપણ સાચું.

આત્મામાં બેહદ સામર્થ્ય છે... 'જ્ઞ' સ્વભાવ... સર્વજ્ઞસ્વભાવ... બેહદસ્વભાવથી આત્મા ભરેલો છે; જેનો 'જ્ઞ' સ્વભાવ તેને જાણવામાં વળી હદ શી! જગતને મરણની બીક છે પણ જ્ઞાનીને તો આનંદની લહેર છે. મરણ કોનું? આત્મવસ્તુ શાશ્વત છે એનું ભાન થયું ત્યાં મરણનો ભય નીકળી ગયો. જન્મે કોણ ને મરે કોણ? શરીર અને આત્માની ભિન્નતાનો જે અભ્યાસ કર્યો તેના પ્રયોગના આ ટાણા છે.

સામે આસ્રવ–યોદ્ધો છે ને અહીં જ્ઞાન–યોદ્ધો છે; સમ્યગ્દ્રષ્ટિ–બાણાવલી ભેદજ્ઞાનરૂપ તીરવડે આસ્રવોને જીતી લે છે. આવા જ્ઞાનનો વિચાર કરવો. આત્મા સિવાય બીજું કાંઈ શરણ નથી. આ તો આસ્રવ સામેનો સંગ્રામ છે; સંગ્રામ છે; સંગ્રામ માટે આત્માને તૈયાર રાખવો.

શરીર રાજીનામું આપે છે. –તો ભલે જાય; આત્મા તો અવિનાશી એકલો છે. જુઓને, એકવાર વૈરાગ્યથી ગાયું હતું ને! –

આતમરામ અવિનાશી આવ્યો એકલો,
જ્ઞાન અને દર્શન છે તારું રૂપ જો...
બહિરભાવો તે સ્પર્શે નહિ આત્મને,
ખરેખરો એ જ્ઞાયક વીર ગણાય જો...

બસ એક જ વાત! જુઓ તો ખરા, આવો આત્મા ઓળખે તેને જ્ઞાયક–વીર કહેવાય. આ તો વીરતાના મારગ છે.

આત્મા ક્યાંકથી એકલો આવ્યો ને બધા કુટુંબકબીલા ભેગા થયા... પાછા વીખેરાઈ જવાના; શરીરના પરમાણુ પણ વીંખાઈને છૂટા પડી જશે. તેમ આ બધું પંખીમેળા જેવું છે. શરીરના રજકણો ભેગા થાય ને તેનો કાળ પૂરો થતાં વીંખાઈ જશે. ચૈતન્યતત્ત્વ એકલું છે તે અવિનાશી છે. બાકી આ સંયોગમાં કાંઈ નથી.

આત્માના વિચાર રાખવા... આત્મા છે તે જ્ઞાન છે. યોગસારમાં કહે છે કે ‘સર્વ જીવ છે જ્ઞાનમય. ’ આત્મસિદ્ધિમાં પણ આવે છે કે ‘સર્વ જીવ છે સિદ્ધસમ’ જ્ઞાનમય તે જ આત્મા છે. બાકી બીજી બધી લપ છે, તે તો આવે ને જાય. શરીર પણ આવે ને જાય; રાગ પણ આવે ને જાય. આત્મા કાયમ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાનપણે રહે છે. –આમ જાણવું તેમાં ખરો સમભાવ છે. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા. –એવો અવિનાભાવ છે. રાગ વગરનો આત્મા. –એવો અવિનાભાવ છે. રાગ વગરનો આત્મા હોય પણ જ્ઞાન વગરનો આત્મા ન હોય.

આત્મા પરમાં ને વિકલ્પમાં રખડે છે તે પોતાના સ્વભાવઘરમાં આવીને રહે તે ખરૂં વાસ્તુ કહેવાય. આત્મા ઈન્દ્રિયોથી ન જાણે; અને ઈન્દ્રિયોથી તે જણાય પણ નહિ. જ્ઞાનથી આવો આત્મા જણાય છે; તે પોતાના અંદરમાં જ છે પણ ‘મારા નયનોની આળસે રે... મેં નીરખ્યા ન હરિને જરી... ’ નજર કરનારો પોતામાં નજર ન કરે ને પરમાં દેખ્યા કરે–તેમાં શાંતિ ક્યાંથી મળે?

દેહ સુકાઈ જાય, એ તો ક્ષણભંગુર છે. એક માણસનો ભાષણ કરતાં કરતાં દેહ છૂટી ગયો. એક દાખલો આવે છે કે શૂરવીર રાજા હાથી ઉપર બેઠો છે, સામેથી બાણ છૂટે છે ને શરીર વીંધાઈ જાય છે... પણ રાજા પડતો નથી, અંતે દેહ નહિ ટકે એમ લાગતાં હાથીના હોદ્દે બેઠોબેઠો જ સંયમભાવનામાં ચડી જાય છે... તેમ પ્રતિકૂળતા ને પરિષહોના બાણ ઉપર બાણ આવે તોપણ પુરુષાર્થપૂર્વક તેની સામે ઊભો રહીને ધર્મી તે ઝીલ્યા કરે... પોતાના માર્ગથી ડગે નહિ. જ્ઞાનસ્વરૂપ આત્મા આનંદમૂર્તિ એકલો છે તેનું લક્ષ વારંવાર ઘૂંટવું.... એનો દોર બાંધી લેવો. જેમ કરોળીઓ પાણીમાં ચાલી ન શકે એટલે પોતાની લાળથી જાળનો દોર બાંધીને તેના ઉપર સડસડાટ ચાલ્યો જાય... તેમ ચૈતન્યની રુચિનો દોર બાંધી લીધો હોય તો આત્મા સડસડાટ તે માર્ગે ચાલ્યો જાય.

ઉપયોગ બરાબર રાખવો; સાવચેત રહેવું. દેહનું તો થવું હોય તે થાય. શરીરને શું કરવું છે? કાળરૂપી સિંહને એ જોઈતું હોય તો ભલે લઈ જાય. –તેમાં આત્માને શું? જો કે કટોકટીનો કાળ જ્યારે આવે ત્યારે કામ તો આકરું છે, પણ સમતા રાખવી, શરીરમાં સાતા હોય ત્યારે આકરૂં ન લાગે પણ બરાબરની અસાતા આવે ને પ્રતિકૂળ પ્રસંગ હોય ત્યારે તેની સામે ઝઝૂમવા આત્માને ઘણો પુરુષાર્થ જોઈએ.

અરિહંતપ્રભુએ કહેલા ભાવને આત્મામાં ધારી રાખવો, દેહથી ભિન્ન ને રાગથી ભિન્ન એવા આત્મભાવને ધારણ કરવો તે ધર્મ છે, તે મંગળ છે. ધવલામાં શ્રી વીરસેનસ્વામી

કહે છે કે આત્મદ્રવ્ય પોતે મંગળરૂપ છે, તું પોતે મંગળ છો. ચિદાનંદસ્વરૂપી ભગવાન આત્મા અનાદિ અનંત મંગળરૂપ છે. રાગ હો, રોગ હો પણ આત્મા તેનો જાણનાર છે; –આવા આત્માના વિચારમાં રહેવું. આત્મા જ્ઞાન–આનંદમય, ને રાગથી તદ્દન ભિન્ન –તેનો વિચાર, તેનું મનન ને મંથન કરવા જેવું છે. શરીરમાં ખખડાટ થાય તેના ઉપર લક્ષ ન કરતાં **જ્ઞાનાનંદ સ્વરૂપનું લક્ષ કરવું... ભિન્નતાની ભાવના રાખવી... સ્વસત્તાવલંબી ઉપયોગ તે આત્માનું સ્વરૂપ છે તેના વિચાર કરવા.**

શરીરમાં નબળાઈ થઈ જાય, ઈન્દ્રિયો મોળી પડે–તેથી કાંઇ આત્માને વિચારદશામાં વાંધો આવતો નથી. આત્મા કાંઈ ઈન્દ્રિયથી નથી જાણતો; તેમજ ઈન્દ્રિયોવડે તે જણાતો નથી. આત્મા તો જ્ઞાનમૂર્તિ છે, તે જ્ઞાનથી જ ( –ઈન્દ્રિયજ્ઞાનથી નહિ પણ અતીન્દ્રિયજ્ઞાનથી ) જણાય છે. "શુદ્ધબુદ્ધચૈતન્યઘન.." ના વિચાર કરવા. દેહની સ્થિતિ પોતાના અધિકારની વાત નથી પણ અંદરના વિચાર તે પોતાના અધિકારની વાત છે. પોતાનું સ્વરૂપ કેમ પમાય એના જ વિચારનું રટણ રાખવું.

અરે, અત્યારે તો જુઓને! ભણેલા પણ 'જીવીત શરીરથી ધર્મ થાય' એમ માનીને આ મૃતક કલેવરમાં મૂર્છાઈ પડયા છે. અમૃતસ્વરૂપ ભગવાન આત્મા પોતે પોતાને ભૂલીને જડકલેરવમાં મોહિત થયો છે, –તેની ક્રિયાને તે પોતાની માને છે. –શું થાય!

શરીરની હાલત શરીર સંભાળશે, પોતે પોતાના વિચારમાં રહેવું. જડ શરીરનો સ્વામી આત્મા નથી. જડનો સ્વામી તો જડ હોય; ચેતન ચેતનનો સ્વામી હોય. સર્વજ્ઞસ્વભાવી આત્મા ઈન્દ્રિયોથી કે એકલા અનુમાનથી જણાઈ જતો નથી, સ્વસન્મુખતાથી જ તે જણાય તેવો છે. અંદર પોતામાં આખી વસ્તુ પડી છે, તેમાં 'કરણ' નામનો સ્વભાવ છે તેથી તે પોતે જ સાધન થઈને પરિણમે છે; બીજું સાધન ક્યાં હતું?

એક વસ્તુની બીજી વસ્તુ જરાપણ નથી. દરેક દ્રવ્ય પોતપોતાના સ્વરૂપમાં ( પોત–પોતાના ગુણપર્યાયમાં ) મગ્ન છે, ત્યાં કોણ કોનું કરે?

આ શરીર તો ધર્મશાળા જેવું છે. આત્માને તેમાં રહેવાની મુદત છે. મુદત પૂરી થતાં અવિનાશી આત્મા બીજે ચાલ્યો જશે. અરે, અવિનાશી આત્માને વારંવાર આવા ઘર બદલવા પડે–એ તે કાંઈ શોભે છે!

શરીર તો ફટફટીયા જેવું છે, તેમાં તો ખખડાટ જ હોય ને? શાંતિ તો આત્માના સ્વરૂપમાં છે, તેનો પ્રેમ કરવો. આત્માનો પ્રેમ છોડીને પરભાવનો પ્રેમ કરવો તે આત્મા ઉપરનો મોટો ક્રોધ છે. શરીરમાં ખખડાટ થાય તેના ઉપર લક્ષ ન કરવું. જ્ઞાનપરિણતિના આધાર કાંઈ રાગ નથી. રાગ સાથે કે દેહ સાથે જ્ઞાનપરિણતિને શું સંબંધ છે? શરીર આમ રહે તો ઠીક ને આમ રહે તો અઠીક–એવું કાંઈ આત્મામાં નથી. શરીરની જે પર્યાય થાય છે તે યથાયોગ્ય જ છે. તેનાથી ભિન્નતાની ભાવના રાખવી. આત્મા ભિન્ન જ છે. જુદો... ને... જુદો.

શરીર પડે તો પડો... તે તો પડવાનું છે જ; આત્મા ક્યાં નાશ થવાનો છે? આત્મા અનાદિ છે; ખોળિયું બદલે તેથી કાંઈ આત્મા બીજો થઈ જતો નથી. વિભાવમાં સ્વભાવ નહિ ને સ્વભાવમાં વિભાવ નહિ. જ્ઞાનમાં રાગ પણ નથી, પછી શરીર તો ક્યાં રહ્યું? કર્મ કે નોકર્મ પણ જ્ઞાનમાં નથી. સંવરઅધિકારમાં એ વાતનું સરસ ભેદજ્ઞાન કરાવ્યું છે. અરે, પરસત્તાને અવલંબતો પરાલંબી ઉપયોગ પણ નિશ્ચયથી આત્માનું સ્વરૂપ નથી; સ્વસત્તાને અવલંબનારો સ્વાલંબી ઉપયોગ તે જ ખરો આત્મા છે. પ્રયોગમાં મુકવાનો અવસર છે.

આત્માના નિરાલંબી ઉપયોગને કોઈ હરી શકતું નથી. શરીરમાં રોગ આવે કે બીજી કોઈ પ્રતિકૂળતા આવે તેનામાં એવી તાકાત નથી કે આત્માના ઉપયોગને હણી નાખે. કોઈથી હણાય નહિ એવા શુદ્ધઉપયોગસ્વરૂપ આત્મા છે, શુભાશુભપરિણામસ્વરૂપ ખરેખર આત્મા નથી. આવા આત્માના વિચાર રાખવા. આત્મા ઈન્દ્રિયોથી ભિન્ન છે, ઈન્દ્રિયોદ્વારા તે સુખદુઃખનો ભોક્તા નથી. દુઃખ તો ક્ષણિક કૃત્રિમ વિકાર છે, ને આનંદ આત્માનો ત્રિકાળ શાશ્વત અકૃત્રિમ સ્વભાવ છે–માટે આનંદસ્વભાવની દ્રષ્ટિમાં આત્મા દુઃખનો ભોક્તા નથી. આવો આત્મા લક્ષમાં લ્યે ત્યાં મરણની બીક કેવી? **જગતને મરણ તણી બીક છે પણ જ્ઞાનીને તો આનંદની લ્હેર જો...**

હું તો જ્ઞાન છું એવી શ્રદ્ધાથી જ્ઞાની વજ્રપાત થાય તો પણ ડગતા નથી, ને નિજસ્વરૂપની શ્રદ્ધાને છોડતા નથી. શરીર ભલે મોળું પડે પણ આત્માના ભાવ તેજ રાખવા.

જ્ઞાનનું અચિંત્ય માહાત્મ્ય છે. અનંત આકાશને ને અનંતકાળને જ્ઞાન ગળી જાય છે. અનંત–અમાપ આકાશના પૂરા અસ્તિત્વનો નિર્ણય શ્રુતજ્ઞાન પણ કરી લે છે, તો રાગરહિત પૂર્ણજ્ઞાનમાં કેટલી તાકાત હશે!! આવા આવા તો અનંતગુણની તાકાતવાળું દ્રવ્ય અંદર પડયું છે. –એના વિચારમાં રહેવું. આ શરીરનું માળખું તો હવે રજા માગે એવું છે. ચૈતન્ય તો નક્કરપિંડ છે, ને આ શરીર તો ખોખું છે.

ભેદજ્ઞાનવડે દારૂણ વિદારણ કરીને–ઉગ્ર પુરુષાર્થ વડે રાગને આત્માથી અત્યંત જુદો કરવો. મારા જાગૃત ચૈતન્યસ્વરૂપમાં રાગ નથી, ને રાગમાં ચૈતન્યનો પ્રકાશ નથી. રાગ તો અદ્ધરનો ક્ષણિકભાવ છે, એના મૂળિયા કાંઈ ઊંડા નથી.

**नमः समयसाराय** એ મંગલશ્લોકમાં આચાર્યદેવે શુદ્ધ આત્માનું અસ્તિત્વ, તેનો જ્ઞાનગુણ, તેની સ્વાનિભૂતિરૂપ નિર્મળદશા અને કેવળજ્ઞાનનું સામર્થ્ય–એ બધું બતાવી દીધું છે. એક શ્લોકમાં ઘણું ભરી દીધું છે. આવા વિચારમાં રહેવું. બહારનું તો થવું હોય તેમ થશે.

સમયસારમાં કહે છે કે ઘોર–પ્રંચડ કર્મ ઉદયમાં આવવા છતાં ધર્મીજીવ પોતાના સ્વરૂપથી ડગતા નથી; સાતમી નરકની વેદનાના પરિષહ વચ્ચે પણ સમકિતી ધર્માત્મા નિજસ્વરૂપની શ્રદ્ધાને છોડતા નથી. 'હું જ્ઞાન છું' એવી શ્રદ્ધાથી જ્ઞાની વજ્રપાત થાય તો પણ ડગતા નથી. –અહીં તો શું પ્રતિકૂળતા છે?

જડમાં ફેરફાર થાય તેમાં આત્માને શું છે? સંસાર તો આવો જ છે.

આત્માનો સ્વભાવ સ્વસહાય છે, પોતે જ પોતાનું શરણ છે; બીજે ક્યાંય શરણ નથી, બીજાું કોઈ સહાયક નથી. આત્મા સિવાય બીજે ક્યાંય નજર નાખ્યે શરણ મળે તેમ નથી. ચૈતન્યસ્વભાવ સામે નજર કરીને તેનું જ શરણ કરવું. સ્વશરણ એ જ સહાય છે. બીજાું કોણ શરણ થાય? શરીરના રજકણો ફરવા માંડયા ત્યાં સગાવહાલા તો પાસે ઉભા ઉભા જોતા રહે... બીજાું શું કરે? જગતમાં કોઈ શરણ નથી. ચૈતન્યનું ધ્યાન રાખવું. ચૈતન્યનું ચિંતન એ એક જ ઉદ્ધારનો રસ્તો છે; બીજા કોઈ રસ્તે ઉદ્ધાર નથી.

સંતોની વૈરાગ્યઝરતી વાણી મુમુક્ષુને સર્વપ્રસંગે ખૂબ જ ઉત્સાહપ્રેરક હોય છે. અરે, બીજી તો શી વાત! પરંતુ સંતગુરુજનોની ઉપસ્થિતિ મૃત્યુ સમયની વેદનાને પણ ભૂલાવી દે છે ને આત્માને ધર્મમાં એવો ઉત્સાહિત કરે છે... કે અવિનાશી આતમરામનું રટણ કરતાં કરતાં દેહ છૂટી જાય છે. જીવનમાં આવા સંતોનો યોગ કોઈ અનેરા ભાગ્યથી જ મળે છે... ને તેમાંય અંતિમ સમયે, ધર્માત્માની હાજરીમાં ચૈતન્યની ભાવનાપૂર્વક દેહ છૂટે તે તો બહુ વિરલ છે. તેથી જ એક મુમુક્ષુકવિએ એ પ્રસંગની ભાવના ભાવી છે કેઃ–

**ધર્માત્મા નીકટ હો... ચર્ચા ધરમ સુનાવે,**
**વે સાવધાન રખેં, ગાફિલ ન હોને દેવે;**
**રત્નત્રયી કા પાલન હો અંત મેં સમાધિ,**
**શિવરામ પ્રાર્થના હૈ જીવન સફળ બનાઉં.**

આપણે પણ એવી ભાવનાની પુષ્ટિ કરીએ કે–

**બોધિ-સમાધિ હે પ્રભો! હો સંત કેરા ચરણમાં,**
**જીવનમાં કે અંતસમયે, છૂટે પ્રભુ નહિ એ કદા.**

## દુઃષમકાળમાં સાવધાની

વર્તમાન દુષમકાળ વર્તે છે. મનુષ્યોનાં મન પણ દુષમ જ જોવામાં આવે છે. ઘણું કરીને પરમાર્થનો દેખાય કરી સ્વેચ્છાએ વર્તે છે.

એવા વખતમાં કોનો સંગ કરવો, કોની સાથે કેટલું બોલવું, કોની સાથે પોતાના કેટલા કાર્યવ્યવહારનું સ્વરૂપ વિદિત કરી શકાય, એ બધું લક્ષમાં રાખવાનો વખત છે. નહીં તો સદ્‌વૃત્તિવાન જીવને એ બધાં કારણો હાનિકર્તા થાય છે. આનો આભાસ તો આપને પણ હવે ધ્યાનમાં આવતો હશે.

–શ્રીમદ્ રાજચંદ્ર ૯૪૭

### કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી

# ભેદજ્ઞાન જ્યોતિ

આ જીવ જ્યારે ભેદજ્ઞાનને ઉત્પન્ન કરીને પોતાના દર્શન–જ્ઞાન–સ્વભાવમાં એકતાપણે પરિણમતો થકો, દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત થાય છે ત્યારે તે ‘સ્વસમય’ છે...

ભેદજ્ઞાનજ્યોતિ કેવી છે? કે કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી છે. રાગાદિ સાથે એકતાબુદ્ધિ તે તો ચાર ગતિરૂપ સંસારને ઉત્પન્ન કરનારી હતી.

જીવને ક્યારે ભેદજ્ઞાન થયું કહેવાય? કે સર્વ પરદ્રવ્યોથી છૂટી અને પરદ્રવ્ય તરફના રાગાદિ ભાવોથી પણ જુદો પડી, પોતાના સ્વભાવ સાથે જ એકતારૂપે સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમે ત્યારે તે જીવને ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થયો છે.

જે કાળે જીવે સ્વસન્મુખ થઈને સ્વભાવમાં એકતા કરી તે જ કાળે તે સર્વ પરદ્રવ્યોથી છૂટયો;–એ રીતે ભેદજ્ઞાન થતાં સ્વમાં એકતા ને પરથી ભિન્નતા થાય છે. આવું ભેદજ્ઞાન તે કેવળજ્ઞાનનું સાધન છે.

અનાદિથી આત્મા સ્વ–પરની ભિન્નતાના અજ્ઞાનને લીધે રાગાદિમાં એકત્વરૂપે લીન થઈને વર્તતો હતો, રાગમાં લીન થયો તે કર્મમાં જ લીન થયો એમ કહેવામાં આવે છે, ને તેને જ પરસમયપણું કહેવાય છે, રાગથી જુદું ચૈતન્યનું અસ્તિત્વ જ તેને ભાસતું નથી.

જ્યારે ભેદજ્ઞાન થયું ત્યારે જ્ઞાનીને ભિન્ન આત્માની પ્રતીતિ આવી, તેને રાગાદિમાં જરાપણ એકત્વબુદ્ધિ થતી નથી, તે રાગથી જુદો પડીને પોતાના નિજસ્વભાવમાં એકતાપણે પરિણમે છે; નિજસ્વભાવ શું? કે દર્શન–જ્ઞાનસ્વભાવ તે નિજસ્વભાવ છે, તેમાં જે પરિણમ્યો તે મોક્ષના માર્ગમાં આવ્યો.

ભાઈ, આ તો ધીરા પુરુષોનાં કામ છે, ધીરો થઈને અંદર જ્ઞાનમાં બરાબર સ્વભાવને લ્યે ને તેમાં પરિણતિ કરે ત્યારે સ્વસમયપણું થાય છે, તે જ મોક્ષનો માર્ગ છે.

જ્ઞાનીને સ્વરૂપમાં એકતારૂપે પરિણમન, અને તેનું જ્ઞાન તે એક જ કાળે વર્તે છે;

જ્ઞાનનો અને પરિણમનનો કાળ જુદો નથી. જે ક્ષણે રાગથી ભિન્ન શુદ્ધ આત્મા જાણ્યો તે ક્ષણે જ તે સ્વભાવમાં એકતારૂપ પરિણમન થયું. જો તેવું પરિણમન ન થાય, ને રાગમાં એકતારૂપ પરિણમન રહે–તો તેને ખરેખર ભિન્નતાનું જ્ઞાન થયું જ નથી. જ્ઞાનનો ને એકતારૂપ પરિણમનનો એક જ કાળ છે, સ્વ–પરની ભિન્નતાનું જ્ઞાનને સ્વમાં એકતારૂપ પરિણમન તે સ્વસમયપણું છે, અને સ્વ પરની ભિન્નતાનું અજ્ઞાન અને પરમાં એકતારૂપ પરિણમન–તે પરસમયપણું છે.

સ્વભાવમાં એકત્વરૂપ નિર્વિકલ્પ પરણતિ તે જ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી છે, એ સિવાય બીજા સાધન કહેવાય તે બધા વ્યવહારથી છે.

સ્વસમયરૂપ પરિણમન તે મોક્ષમાર્ગ છે, તેનું મૂળ ભેદજ્ઞાનવિદ્યા છે ને તે કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનાર છે.

પરસમયરૂપ પરિણમન તે સંસારનું કારણ છે, તેનું મૂળ અવિદ્યા છે, અને તે ચાર ગતિને ઉત્પન્ન કરનાર છે.

સ્વસમયપણામાં તો સ્વભાવને આધીન પરિણમન છે, અને પરસમયપણામાં મોહને આધીન પરિણમન છે; અવિદ્યાથી પોતે સ્વભાવને ભૂલીને મોહને આધીન થાય છે ત્યારે પોતાના સ્વભાવથી ભ્રષ્ટ થઈને રાગાદિ પરભાવમાં એકપણે પરિણમે છે. અને સ્વ–પરનું ભેદજ્ઞાન કરીને પોતે જ સ્વભાવમાં એકતા કરીને રાગાદિથી ભિન્નપણે પરિણમે છે. જીવ ક્યાંક એકતા તો કરે છેઃ–

સ્વમાં એકતા કરીને પરિણમે તે મોક્ષમાર્ગ,

પરમાં એકતા કરીને પરિણમે તે બંધમાર્ગ.

આ રીતે તેની પરિણતિથી જ તેનો મોક્ષ કે સંસાર છે. 'સમય' એટલે જીવ નામનો પદાર્થ, તે કેવો છે? તેના ઉત્તરમાં આચાર્યદેવે જીવનો સ્વભાવ બતાવીને, તેની અવસ્થામાં સ્વસમય અને પરસમય એમ બંને જે પ્રકારનું પરિણમન બતાવ્યું. આવા સ્વસમય અને પરસમય બંનેને જે ઓળખે તે પરસમયથી છૂટીને સ્વસમયરૂપે પરિણમ્યા વગર રહે નહિ.

# મો.... ક્ષ.... મા.... ર્ગ....

'सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः।।'

**જેમ મોક્ષ એક જ પ્રકારનો છે, તેમ તે મોક્ષનું કારણ પણ એક જ પ્રકારનું છે. મોક્ષમાર્ગ કહો, સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર કહો, શુદ્ધાત્માની અનુભૂતિ કહો કે જૈનશાસન કહો.... એ બધું ય આત્માના ભૂતાર્થ-સ્વભાવના આશ્રયે જ છે, -આ જૈન-સિદ્ધાંતનું રહસ્ય છે.**

મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ છે, તે એક જ પ્રકારનો છે; મોક્ષમાર્ગના કાંઈ બે પ્રકાર નથી; સમ્યગ્દર્શનાદિ પણ મોક્ષમાર્ગ છે અને વ્રતાદિ શુભરાગ પણ મોક્ષમાર્ગ છે–એમ કાંઈ બે મોક્ષમાર્ગ નથી. એક જ મોક્ષમાર્ગ છે ને બીજો મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગના સહચારી અપેક્ષાએ કે નિમિત્ત અપેક્ષાએ વ્રતાદિને વ્યવહારે મોક્ષમાર્ગ કહ્યો, ત્યાં એમ સમજવું કે તે ખરેખર મોક્ષમાર્ગ નથી પણ તેની સાથે મોક્ષમાર્ગને દેખીને તેમાં મોક્ષમાર્ગનો ઉપચાર કર્યો છે. ખરો મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શનાદિ જ છે. શુદ્ધ દ્રવ્યની દ્રષ્ટિમાં સમકિતીને વ્યવહારનો આશ્રય છે જ નહિ.

જેમ પરદ્રવ્ય ભિન્ન છે તેમ વ્યવહારની રાગાદિ પરિણતિને ધર્મીજીવ મોક્ષમાર્ગથી ભિન્ન જાણે છે; રાગાદિ વ્યવહારપરિણતિને તે મોક્ષમાર્ગ સાથે એકમેક કરતા નથી. યથાર્થ મોક્ષમાર્ગને જ મોક્ષમાર્ગ કહેવો તે નિશ્ચય છે, અને જે ખરેખર મોક્ષમાર્ગ ન હોય તેમાં મોક્ષમાર્ગનો કોઈ અપેક્ષાએ ઉપચાર કરવો તે વ્યવહાર છે, તે ખરો મોક્ષમાર્ગ નથી. એમ સમજવું.

મુનિના યથાર્થ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે તો ખરેખર મોક્ષમાર્ગ છે; અને તે મોક્ષમાર્ગના સહકારીપણે મહાવ્રતના વિકલ્પને કે દિગંબર મુદ્રાને મોક્ષનું કારણ કહેવું તે ઉપચાર છે, તે કાંઈ મોક્ષનું ખરું કારણ નથી.

સાધકને એક જ પર્યાયમાં કાંઈક અંશે શુદ્ધતા છે, ને કાંઈક અંશે રાગાદિ અશુદ્ધતા પણ છે, એક જ પર્યાયમાં બંને ભાવો છે;–પણ તે બંને ભાવો કાંઈ મોક્ષનું સાધન નથી;

જેટલે અંશે શુદ્ધતા છે તેટલે અંશે મોક્ષનું સાધન છે, ને જેટલે અંશે અશુદ્ધતા છે તે મોક્ષનું કારણ નથી. બંને ભાવો એકબીજાથી વિપરીત છે, છતાં એક જ પર્યાયમાં બંને ભાવો છે. તેમાં **જે શુદ્ધતા છે તેની સાથે તો સમકિતીને એકત્વપરિણમન છે, ને જે અશુદ્ધતા છે તેની સાથે એકત્વપરિણમન નથી તે અપેક્ષાએ સમકિતી તેનાથી મુક્ત છે.**

હવે શુદ્ધતા તે નિશ્ચય, ને અશુદ્ધતા તે વ્યવહાર–એમ હોવાથી **સમકિતી નિશ્ચયમાં લીન છે અને વ્યવહારથી મુક્ત છે.** શુદ્ધતામાં તો ઉપાદેયપણે વર્તે છે ને અશુદ્ધતાને હેયપણે જાણે છે.

એક જ સમયની પર્યાયમાં અંશે શુદ્ધતા ને અંશે અશુદ્ધતા બંને એક સાથે છે. ઘણાને એમ થાય છે કે એક જ સમયમાં બે ભાવો કઈ રીતે હોય? પણ, ચારિત્રની પર્યાયમાં એવા બે પ્રકાર એક સાથે હોય છે. જ્ઞાનની પર્યાયમાં એકસાથે બે ઉપયોગ ન હોય, પણ ચારિત્રની પર્યાયમાં અંશે શુદ્ધતા ને અંશે અશુદ્ધતા બંને એક સાથે સાધકને હોય છે. જો અંશે શુદ્ધતા ન હોય તો સાધકપણું શેનું? ને જો અંશે અશુદ્ધતા જ હોય તો પણ સાધકપણું કેમ હોય? જો અંશેય શુદ્ધતા ન હોય ને એકલી અશુદ્ધતા જ હોય તો તો મિથ્યાદ્રષ્ટિપણું હોય, અને જો અંશેય અશુદ્ધતા ન હોય ને પૂર્ણ શુદ્ધતા જ હોય તો તો સિદ્ધદશા હોય. માટે સાધકને તો અંશે શુદ્ધતા પણ હોય છે ને અંશે અશુદ્ધતા પણ હોય છે.

–પણ તેમાં વિશેષતા એ છે કે જે શુદ્ધતા છે તે મોક્ષમાર્ગ છે, તે નિશ્ચય છે, ને સમકિતી તેમાં લીન છે; અને જે અશુદ્ધતા છે તે મોક્ષમાર્ગ નથી, તેને વ્યવહાર કહીને અભૂતાર્થ કહ્યો છે, ને સમકિતી તેમાં લીન નથી, તેનાથી જુદો છે, તેનાથી મુક્ત છે. આમ એક જ પરિણતિમાં ભિન્ન ભિન્ન ભાવોને યથાર્થ ઓળખવા તે ભેદજ્ઞાન છે.

અરે જીવ! કયા ભાવો તને શરણ છે ને કયા ભાવો અશરણ છે–તેના જ્ઞાન વગર તું અનાદિ કાળથી સંસારમાં રખડયો. સંસારમાં રખડતાં તને હજી થાક ન લાગ્યો? ભાઈ, શરણભૂત તો શુદ્ધઆત્મા છે; અને તે શુદ્ધઆત્માને દેખનારો શુદ્ધનય ભૂતાર્થ છે, તે શુદ્ધનયપરિણતિ શુદ્ધઆત્મા સાથે એકાકાર થઈ તેથી તેને પણ ભૂતાર્થ કહી દીધી છે. અને એના આશ્રયે સમ્યગ્દર્શનાદિ છે. અશુદ્ધતા તે શરણરૂપ નથી. તે અશુદ્ધતાને દેખનારો વ્યવહારનય અભૂતાર્થ છે, અશરણ છે, તેના આશ્રયે સમ્યગ્દર્શનાદિ નથી.

યથાર્થ મોક્ષમાર્ગનું જેવું સ્વરૂપ છે તેવું જ નિશ્ચયનય નિરૂપણ કરે છે; વ્યવહારનય તો નિમિત્ત વગેરેની ભેળસેળ સહિત નિરૂપણ કરે છે, તે યથાર્થ મોક્ષમાર્ગ નથી.

**જેમ મોક્ષ એક જ પ્રકારનો છે, તેમ તે મોક્ષનું કારણ પણ એક જ પ્રકારનું છે.**-એક જ પ્રકારનો મોક્ષમાર્ગ છે. –બીજો પ્રકાર કે બીજું કારણ કહેવું તે તો ઉપચાર માત્ર છે.

અશુદ્ધતાને દેખનારો વ્યવહારનય અભૂતાર્થ છે. અને શુદ્ધસ્વભાવને દેખનારો શુદ્ધનય તે ભૂતાર્થ છે; તેમાં ભૂતાર્થના આશ્રયે જ સમ્યગ્દર્શનાદિ છે. એ મહાસિદ્ધાંત કુંદકુંદાચાર્યદેવે સમયસારની ૧૧મી ગાથામાં બતાવ્યો છે, તે જૈનશાસનનું મૂળ છે, જૈનસિદ્ધાંતનું રહસ્ય તેમાં ભરી દીધું છે. જે શુદ્ધાત્માને દેખે છે–અનુભવે છે તે જ સમસ્ત જૈનશાસનને દેખે છે, તેણે સમસ્ત શાસ્ત્રોનો નીચોડ જાણ્યો છે. શ્રુતજ્ઞાનને અંતર્મુખ કરીને શુદ્ધાત્માને જે જાણતો નથી. તે જૈનશાસનને જાણતો નથી. જુઓ તો ખરા, આચાર્યદેવે કેવું સ્પષ્ટ રહસ્ય ખુલ્લું કર્યું છે! શુદ્ધનય વડે જે શુદ્ધાત્માની અનુભૂતિ છે તે જ જૈનશાસનની અનુભૂતિ છે. તે જ મોક્ષમાર્ગ છે. તેમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર સમાઈ જાય છે, ને તે જ જૈનસિદ્ધાંતનું રહસ્ય છે.

## આત્માર્થી જીવો શૂરવીર હોય છે

આત્માર્થી જીવો ખેદમાં જ નથી અટકતા પણ શૂરવીર થઈને વિષયકષાયોને જીતે છે; આ સંબંધી શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચન હૃદયમાં કોતરવા જેવા છે–

“ખેદ નહીં કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષમારગ સુલભ જ છે. વિષયકષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે વખતે વિચારવાને પોતાનું નિર્વીયપણું જોઈને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે; ફરીફરીને તિરસ્કારવૃત્તિથી જોઈ મહંત પુરુષના ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી, તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે. ત્યાં સુધી નીચે મને બેસતા નથી. તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી. એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે, અને તેથી જ અંતે જય પામ્યા છે.

આ વાત સર્વે મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવા યોગ્ય છે.”

શ્રીમદ્ રાજચંદ્ર (૮૧૯)

# અરિહંત ભગવંતોનો સન્દેશ

( મોક્ષમાર્ગ પ્રકાશકઃ ઉપરના પ્રવચનોમાંથી )

અરિહંતપણું તે આત્માની પૂર્ણ પવિત્ર દશા છે. શરીરમાં કે વાણીમાં અરિહંતપણું નથી. પરંતુ પોતાના જ્ઞાનાદિ ગુણોની પૂર્ણ પ્રગટ દશા થઈ ગઈ તે પૂર્ણ દશામાં જ અરિહંતપણું છે. તે અરિહંત દશા પ્રગટાવનાર આત્માઓએ પૂર્વે શું કર્યું હતું? ક્યા ઉપાય કરવાથી તેમને અરિહંતદશા પ્રગટી હતી, તે પ્રથમ જાણવાની જરૂર છે.

જે જીવોને અરિહંતદશા પ્રગટી છે તે જીવો પૂર્વે સંસાર દશામાં હતા. પછી આત્મ સ્વભાવની યથાર્થ રુચિ થતાં સાચા જ્ઞાન વડે પોતાનું પરિપૂર્ણ આત્મસ્વરૂપ તેઓએ જાણ્યું અને સાચી શ્રદ્ધા કરી, "હું શુદ્ધ સ્વભાવી આત્મા છું, પરવસ્તુથી હું જુદો છું, મારી શુદ્ધતા મારા સ્વભાવના અવલંબનથી પ્રગટે છે, પણ પર વસ્તુથી મારી શુદ્ધ દશા પ્રગટતી નથી, તથા રાગ થાય તે મારું મૂળ સ્વરૂપ નથી, પર વસ્તુ મારું કાંઈ કરતી નથી અને હું પરવસ્તુનું કાંઈ કરી શકતો નથી" આ પ્રમાણે તે આત્માઓએ યથાર્થપણે જાણ્યું અને માન્યું. ત્યાર પછી તે જ શ્રદ્ધા અને જ્ઞાનને ઘૂંટતા ઘૂંટતા ક્રમે ક્રમે સ્વભાવ તરફથી સ્થિરતા વધતી ગઈ તેમ તેમ રાગદ્વેષ છૂટતો ગયો. છેવટે પરિપૂર્ણ પુરુષાર્થ દ્વારા સંપૂર્ણ સ્વરૂપસ્થિરતા કરીને તે આત્માઓએ વીતરાગતા અને કેવળજ્ઞાન પ્રગટ કર્યું. સંપૂર્ણ વીતરાગતા અને સંપૂર્ણ જ્ઞાન એ જ આત્માની અરિહંતદશા છે. આ રીતે અરિહંતદશા પ્રગટ કરનાર આત્માઓએ સર્વથી પહેલાં આત્માની રુચિવડે સાચાં શ્રદ્ધા જ્ઞાન કર્યાં અને પછી સ્થિરતા વડે વીતરાગતા અને સંપૂર્ણજ્ઞાનરૂપ અરિહંતદશા પ્રગટ કરી. અરિહંતદશા પ્રગટ થતાં પૂર્વના પુણ્યના કારણે દિવ્યધ્વનિ છૂટી તે દિવ્યધ્વનિમાં ભગવાને શું કહ્યું?

એ ધ્યાન રાખવું કે દિવ્યધ્વનિ તે અરિહંત ભગવાનના આત્માનો ગુણ નથી, પણ જડ પરમાણુઓની અવસ્થા છે. ખરેખર તે દિવ્યધ્વનિનો કર્તા આત્મા નથી. આત્મા પોતાના સંપૂર્ણ જ્ઞાન અને વીતરાગતાનો કર્તા છે. દિવ્યધ્વનિ તો પરમાણુઓની અવસ્થા છે. પરંતુ ભગવાનની પૂર્ણ દશાનું નિમિત્ત પામીને તે વાણીમાં પણ પૂર્ણ કથન આવે છે. જે ઉપાય કરવાથી પોતાની પૂર્ણ અરિહંત દશા પ્રગટ કરી તે ઉપાયનું કથન તે વાણીમાં

આવે છે. જેવો આત્મસ્વભાવ પોતે જાણ્યો તેવા પરિપૂર્ણ આત્મસ્વભાવનું સ્વરૂપ તે વાણીમાં કહ્યું છે. અને તે સ્વરૂપની પ્રાપ્તિ શું કરવાથી થાય તે પણ તે વાણીમાં આવે છે. અરિહંત ભગવંતો દિવ્યધ્વનિ દ્વારા કહે છે કે...........

જેવો હું પરિપૂર્ણ આત્મા છું તેવા જ જગતના બધા જીવો પરિપૂર્ણ સ્વભાવે છે. મેં મારી પરિપૂર્ણ સર્વજ્ઞ વીતરાગદશા પ્રગટ કરી છે તેવી જ દશા બધા જીવો પ્રગટ કરી શકે છે. મારી પરિપૂર્ણદશા મેં મારા સ્વભાવમાંથી પ્રગટ કરી છે, કોઈ પરવસ્તુમાંથી મારી પૂર્ણદશા આવી નથી. અને જગતના સર્વે જીવોની દશા પોતાના સ્વભાવમાંથી જ પ્રગટે છે. પરદ્રવ્યોથી હું જુદો છું, કોઈ પરવસ્તુનું હું કરી શકતો નથી તેમ જગતના બધા જીવો પરવસ્તુનું કરી શકતા નથી. જેમ મારામાં રાગદ્વેષ નથી તેમ જગતના બધા જીવોનું સ્વરૂપ પણ રાગરહિત સંપૂર્ણ છે. આ પ્રમાણે પ્રથમ સ્વાધીન સ્વરૂપને જાણીને તેની શ્રદ્ધા કરો અને તે જ સ્વભાવની શ્રદ્ધાજ્ઞાનના દ્રઢ અભ્યાસવડે સ્થિરતા કરીને રાગનો નાશ કરતાં વીતરાગતા થઈ કેવળ જ્ઞાનદશા પ્રગટ થાય છે. આ જ અરિહંતદશા પ્રગટ કરવાનો ઉપાય છે–એમ શ્રી અરિહંત ભગવાને કહ્યું છે.

આ રીતે અરિહંત ભગવાને શું કર્યું અને શું કહ્યું–એ જો જીવ સારી રીતે ઓળખે તો પોતે તે ઉપાયો કરે અને તેનાથી વિરુદ્ધ ઉપાયો છોડે.

卐 અરિહંતદશા પ્રગટાવવા પહેલાં અરિહંત ભગવાનનું સાચું સ્વરૂપ જાણવું જોઈએ.

卐 અરિહંત ભગવાન આત્મા હતા અને આત્મામાંથી જ તેમણે અરિહંતદશા પ્રગટ કરી છે.

卐 જેવો અરિહંતનો આત્મા છે તેવા જ બધા આત્માઓ છે અને બધા આત્માઓ સાચા ઉપાયથી પૂર્ણદશા પ્રગટ કરી શકે છે.

卐 અરિહંતના આત્માએ પહેલાં આત્માનું સાચું જ્ઞાન અને સાચી શ્રદ્ધા કરી હતી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરે નહીં અને રાગ મારો સ્વભાવ નહિ –એમ સ્વભાવને જાણીને પછી તેઓએ સ્થિરતા દ્વારા રાગ છોડયો હતો, અને કેવળજ્ઞાન–અરિહંતદશા પ્રગટ કરી હતી. માટે જીવોએ પહેલાં સાચાં શ્રદ્ધાજ્ઞાન કરવાં જોઈએ અને ત્યારપછી સ્થિરતાદ્વારા રાગના ત્યાગનો પ્રયત્ન કરવો જોઈએ.

આવો શ્રી અરિહંત ભગવંતનો સંદેશ જગતના સર્વે જીવોને સાચા ધર્મની વૃદ્ધિ કરવા માટે છે......... સંતોએ તે સન્દેશ સાક્ષાત્ ઝીલીને જગતને પહોંચાડયો છે.

***

# અતીન્દ્રિય આત્મા કઈ રીતે ગ્રહાય ?

## અલિંગગ્રહણના અલૌકિક પ્રવચનોની રસધારનું થોડુંક આસ્વાદન

પ્રવચનસારની આ ૧૭૨મી ગાથા ઉપર અનેક વખત ગુરુદેવના પ્રવચનો થયા.... એ પ્રવચનોની રસધાર કોઈ અદ્‌ભુત–અલૌકિક હતી.... અધ્યાત્મ–શાંત વાતાવરણમાં ધીર–ગંભીર–શાંત શૈલિથી ગુરુદેવ અલિંગગ્રહણના ૨૦ બોલનું જે રહસ્ય ખોલે છે તે ખરેખર આ કાળનો એક વિરલ વૈભવ છે... તેમાંય જ્યારે જ્યારે ચોથા બોલનું વિવેચન શ્રવણ કરીએ છીએ ત્યારે એમ લાગે છે કે જાણે ચોથા કાળમાં જ બેઠા બેઠા કોઈ મહાન શ્રુતધર પાસેથી આ શ્રવણ કરી રહ્યાં છીએ. એનો થોડોઘણો નમુનો અહીં આપ્યો છે. ( આત્મધર્મ અંક ૨૪૧–૪૨–૪૩ માં આ સંબંધી લેખો આપ્યા છે. )

## આત્મા ઈન્દ્રિયો વડે જાણતો નથી.

આત્મા ચેતનામય છે, ઈન્દ્રિયો તો જડ અને પરદ્રવ્ય છે. તે પરદ્રવ્ય સાથે જોડાઈને કામ કરે એવો આત્માનો સ્વભાવ નથી. અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા છે. તે ઈન્દ્રિયો વડે જાણનારો નથી. એટલે ઈન્દ્રિયજ્ઞાન તે આત્મા નથી. અતીન્દ્રિયજ્ઞાન તે આત્મા છે. બીજી રીતે કહીએ તો, જેટલો વ્યવહારનો વિષય છે તે ખરેખર આત્મા નથી, શુદ્ધનયનો જે વિષય છે તે જ પરમાર્થ આત્મા છે. ઈન્દ્રિયોથી તો અત્યંત વિભક્તપણું સાધ્યું છે, તો તે ઈન્દ્રિયો આત્મામાં પ્રવેશવાનું સાધન કેમ હોય ? તે ચૈતન્યનું ચિહ્ન કેમ હોય ? ચેતન સ્વભાવી આત્મા એવો પરાધીન કેમ હોય તે જાણવા માટે તેને પરદ્રવ્યનું ગ્રહણ કરવું પડે ? જાણનાર આત્મા ઈન્દ્રિયોથી અત્યંત નિરપેક્ષ છે.

ભાઈ, જે દ્રવ્ય તારામાં નથી તે દ્રવ્યનું અવલંબન તારા કાર્યને માટે કેમ હોય ? અહા, કેવળજ્ઞાનને સમીપમાં રાખીને સંતોએ અનુભવના અદ્‌ભુત રહસ્યો ખોલ્યા છે.

## ઈન્દ્રિયો વડે આત્મા જણાતો નથી.

ચૈતન્યચિહ્નવાળો અતીન્દ્રિય આત્મા ઈન્દ્રિયોવડે લક્ષમાં આવી શકતો નથી. ઈન્દ્રિયો તરફ ઝૂકેલું જ્ઞાન તો સ્થૂળ પરજ્ઞેયને જાણે છે પણ તેનાથી સ્વજ્ઞેય જણાતું નથી. સ્વજ્ઞેય આત્મા તો ઈન્દ્રિયાતીત છે.

ભાઈ, પહેલાં લક્ષમાં લઈને તારી વિચારધારામાં આ વાત ઘૂંટ. પહેલાં સત્ય શું છે તે લક્ષમાં પણ ન લ્યે ને વિપરીત માન્યતાને ઘૂંટયા કરે તો આત્મામાં ક્યાંથી પ્રવેશી શકે? ઈન્દ્રિયો તે કાંઈ આત્મામાં પ્રવેશવાનો માર્ગ નથી. ઈન્દ્રિય તરફના વલણવાળા ભાવોથી (કે શુભરાગથી) આત્માનું જ્ઞાન થઈ જશે–એમ જે માને છે તે ઈન્દ્રિયોથી ને રાગથી ભિન્ન ચૈતન્યમય આત્માને તે જાણતો નથી.

જેને ઈન્દ્રિયોથી જ્ઞાન થવાની માન્યતા છે તેને ઈન્દ્રિયો પ્રત્યે–મૈત્રી છે, ઈન્દ્રિયોથી ભિન્ન એવા અતીન્દ્રિય ચૈતન્યની પ્રીતિ–મૈત્રી તેને નથી. ભાઈ, ઈન્દ્રિયોથી પ્રત્યક્ષ થાય એવો તારો આત્મા છે જ નહિ માટે આત્માને જાણવો હોય તો તું ઈન્દ્રિયોની પ્રીતિ છોડ..... ને ચૈતન્યની પ્રીતિ કરીને તેની સન્મુખ થા.

## ઈન્દ્રિયગમ્ય ચિહ્નવડે આત્મા જણાતો નથી.

શરીર સ્થિર દેખાતું હોય કે મુખ વગેરે ઉપર અમુક ચેષ્ટા દેખાતી હોય, બહુ ભણતર ભણ્યો હોય કે વાણી શાંત હોય–એવા કોઈ ઈન્દ્રિયચિહ્નોથી આત્માનું અનુમાન થઈ શકતું નથી–કે આણે આત્માને જાણ્યો છે. આ આત્મા જ્ઞાની ધર્માત્મા છે એમ અનુમાન થઈ શકે ખરું, પણ તે અનુમાન ઈન્દ્રિયગમ્યચિહ્નો વડે નથી થતું, અંતરમાં ચૈતન્યના લક્ષપૂર્વક જ તેનું અનુમાન થઈ શકે છે. ધર્મી સમ્યગ્દ્રષ્ટિ આત્મજ્ઞાની લડાઈના પ્રસંગમાં ઊભા હોય, ને અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ ધ્યાનમાં સ્થિર થઈ ગયેલો દેખાય;–એ રીતે આંખદ્વારા ધર્મી–અધર્મીનું માપ થઈ શકતું નથી. અતીન્દ્રિય ચૈતન્ય તે ઈન્દ્રિયગમ્ય ચિહ્નવડે અનુમાનમાં કેમ આવે? ઈન્દ્રિયોથી પાર થઈને ચૈતન્ય વડે તે પ્રત્યક્ષ થાય છે. ઈન્દ્રિયોથી જુદો પડયા વગર આત્મા લક્ષમાં આવે કે અનુમાનમાં આવે–એમ બનતું નથી.

## પ્રત્યક્ષ વગર એકલા અનુમાનથી આત્મા જણાતો નથી.

જેણે પોતાના આત્માને સ્વસંવેદનપ્રત્યક્ષથી ઓળખ્યો નથી તે બીજાના આત્માને એકલા અનુમાનથી (–એટલે કે એકલા વ્યવહારથી) જાણી શકે–એમ બનતું નથી. સ્વ–

સંવેદન પ્રત્યક્ષ તે નિશ્ચય અને અનુમાન તે વ્યવહાર; જેમ નિશ્ચય વગર વ્યવહાર હોય નહિ, તેમ આત્માના સ્વસંવેદન પ્રત્યક્ષ વગર અનુમાન સાચું હોય નહીં. ભાઈ, તારા આત્માના અનુભવ વગર બહારના અનુમાનથી તું જ્ઞાનીનું માપ કાઢવા જઈશ તો ભ્રમણામાં પડીશ. આ આમ ખાય છે, આમ બોલે છે માટે તે ધર્મી નહિ હોય, અને આ ત્યાગી થઈને બેઠો છે માટે તે ધર્મી હશે–એમ જો તું એકલું અનુમાન કરવા જઈશ તો વ્યવહારમૂઢતા થશે. ભાઈ, સ્વતત્ત્વનો નિર્ણય તો સ્વ તરફની અવસ્થાથી થાય કે પર તરફની? સ્વ પરફ ઝૂકીને આત્માનું સ્વસંવેદન કરનાર જ્ઞાનની દશા ભલે અધૂરી હોય તોપણ સ્વમાં અભેદ થયેલી તે દશાને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. ને એવા સ્વસંવેદન પ્રત્યક્ષવડે પોતાના આત્માનો જે નિર્ણય કરે તે જ બીજા ધર્માત્માને અનુમાનથી ઓળખી શકે. પ્રત્યક્ષ વગર એકલા અનુમાનમાં આવી જાય–એવો આત્મા નથી. અનુભવી હોય તે જ અનુભવીને ઓળખે. 'આ આત્મા સર્વજ્ઞ છે, આ આત્મા મુનિ છે, આ આત્મા સાધકધર્મી છે, આ આત્મા સમ્યગ્દ્રષ્ટિ છે' એમ એકલા અનુમાનથી જાણી શકાતું નથી, પણ જે જાત તેમને (સર્વજ્ઞને કે સાધકને) પ્રગટી છે તેવી જાતનો સ્વસંવેદનનો અંશ પોતામાં પ્રગટ કરે તો જ તેમની ખરી ઓળખાણ કરી શકે. પૂર્ણ સ્વસંવેદન જેમને પ્રગટ થયું છે તેનો નિર્ણય તેવી જાતનો અંશ પોતામાં પ્રગટયા વગર થઈ શકે નહિ. સિદ્ધ ભગવાન, અર્હંત ભગવાન, ગુરુ–છઠ્ઠા ગુણસ્થાનવાળા, કે પંચમગુણસ્થાનવર્તી શ્રાવક, કે ચોથા ગુણસ્થાને બિરાજતા સમ્યગ્દ્રષ્ટિ–તેની ઓળખાણની રીતની પણ જગતને ખબર નથી. જ્યાં સ્વસંવેદનમાં આત્માના સ્વભાવનો નિર્ણય કર્યો ત્યાં ખબર પડી કે જ્ઞાની કેવા હોય, મુનિ કેવા હોય, સર્વજ્ઞ કેવા હોય! પહેલાં સાધારણ દેખાદેખીથી ઓળખે પણ જ્યાં સ્વસંવેદનથી ખરી ઓળખાણ થઈ ત્યાં એમ થાય કે અહો, જ્ઞાનીની ખરી ઓળખાણ મને હવે થઈ, હવે મેં જ્ઞાનીને–ગુરુને–ભગવાનને ખરેખરા ઓળખ્યા. એકલા ઉદયના પ્રવર્તન ઉપરથી જ્ઞાનીની ખરી ઓળખાણ થતી નથી. જ્ઞાની તો ઉદયભાવનો તમાશગીર છે; તેનો કર્તા, ભોકતા કે અવલંબી નથી. તેથી કોઈ એમ કહે કે– 'આ પ્રકારના ઔદયિકભાવ સર્વથા હોય તો તેને અમુક ગુણસ્થાન કહીએ– 'તો એમ કહેવું એ જૂઠ છે. એમ કહેનારે દ્રવ્યનું સ્વરૂપ સર્વથા પ્રકારે જાણ્યું નથી. કારણ, અન્ય ગુણસ્થાનની તો વાત શું કહેવી, કેવળીઓમાં પણ ઔદયિકભાવનું ભિન્ન ભિન્ન પ્રકારપણું જાણવું. કેવળીઓના ઔદયિકભાવ પણ એક સરખા હોય નહિ. કોઈ કેવળીને દંડ–કપાટરૂપ ક્રિયાનો (સમુદ્ઘાતનો) ઉદય હોય, ત્યારે કોઈ કેવળીને તે ન હોય; એ જ રીતે વાણીનો યોગ કોઈને હોય, કોઈને ન હોય; એ પ્રમાણે કેવળીભગવંતોમાં પણ ઉદયની અનેકવિધતા છે, તો અન્ય

ગુણસ્થાનોની તો વાત શું કહેવી? માટે ઔદયિકભાવના ભરોસે જ્ઞાન નથી. જ્ઞાન સ્વશક્તિપ્રમાણ છે. (જુઓ પરમાર્થવચનિકાઃ મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૩૫૬)

બધા જ્ઞાનીને બહારનો યોગ સરખો જ હોય કે વિકલ્પો સરખા જ હોય–એમ હોતું નથી. એક જ્ઞાનીએ અમુક જવાબ દીધો ને બીજા જ્ઞાનીએ બીજી શૈલીનો જવાબ દીધો માટે તે જ્ઞાની નહિ હોય–એમ કોઈ અનુમાન કરવા જાય તો તે મૂઢ છે. તે વાણીને દેખે છે પણ આત્માને દેખતો નથી. તેરમાં ગુણસ્થાને વર્તતા બધા જીવોને ક્ષાયિકનાદિ સરખા, છતાં ઉદયમાં બધાને ફેર; એ જ રીતે બે જીવો સમકિતી હોય, છતાં ઉદયની ક્રિયામાં બંનેને ફેર હોય, **-તે ઉદયની ક્રિયાઓ કાંઈ જ્ઞાનીનું માપ કરવાનું સાધન નથી. વાણી ઉપરથી કે વિકલ્પ ઉપરથી જ જ્ઞાનીનું માપ કરવા જશે-તો તે જ્ઞાનીની વિરાધના કરી બેસશે. ભાઈ, જ્ઞાનના માપ કોઈ જુદા છે.**

કોઈ જીવ હજારો માણસોની સભામાં ભાષણની ઝપટ બોલાવતો હોય ને પાણીના પૂરની જેમ શાસ્રોનું ભણતર હોય, છતાં મોટો મૂઢ ને અનંતસંસારી હોય; ત્યારે બીજી તરફ નિર્વિકલ્પ આત્મઅનુભૂતિના આનંદમાં ઝૂલતા મહા ભાવલિંગી સંત હોય, ને પ્રશ્નનો જવાબ દેતાંય કદાચ ન આવડે, –ત્યાં મૂઢ જીવ એમ કહેશે કે આને આ જવાબ દેતા ન આવડયું માટે તેને જ્ઞાનચેતના નહિ હોય! –અરે મૂઢ! તું ચારગતિમાં મરી જઈશ. જ્ઞાન–ચેતના શું છે તેની તને ખબર નથી. જ્ઞાનચેતના તો અંદર આત્માને ચેતવાનું કામ કરે કે વાણીનું કામ કરે? 'મા રુષ, મા તુષ' એટલા શબ્દ પણ યાદ ન રહ્યા છતાં અંતરની જ્ઞાનચેતના એટલી ઉગ્ર હતી કે શિવભૂતિ મુનિ કેવળજ્ઞાન પામ્યા. તું કઈ રીતે અનુમાન કરીશ એની જ્ઞાનચેતનાનું? હજી પોતામાં જ જેને રાગથી ભિન્ન જ્ઞાનચેતના પ્રગટી નથી તે બીજાનું અનુમાન ક્યાંથી કરી શકશે? પોતાના સ્વસંવેદનચક્ષુ જેને ઉઘડયા નથી તે બીજાને ક્યાંથી દેખશે?

જગતના જીવો બહારની ક્રિયાથી ધર્મનું અનુમાન કરે છે. પણ એ રીતે ધર્મનું કે ધર્માત્માનું સાચું અનુમાન થઈ શકતું નથી. આ બોલમાં આચાર્યદેવે ધર્મની અને ધર્મીની ઓળખાણની રીત જગત પાસે ખુલ્લી મુકી છે.

અહા, આ ચોથા બોલમાં તો ઘણું ઘણું રહસ્ય ભર્યું છે. સંતોએ જંગલમાં બેઠા બેઠા ચૈતન્યના નિધાન પોતે અનુભવીને જગત સમક્ષ ખુલ્લા મુકયા છે, જેને ઓળખતા સાધકપણું થાય ને સિદ્ધના ભેટા થાય. પોતાના આત્માની ઓળખાણ થાય તો જ્ઞાની ધર્માત્મા પ્રત્યે કે દેવ–ગુરુ પ્રત્યે ખરેખરો પ્રમોદ અને ભક્તિ ઊછળે. ઓળખાણ વગર ખરો પ્રેમ કે ભક્તિ

ક્યાંથી આવે ? જ્ઞાનીને ખરેખર ઓળખનારો જીવ પોતે જ્ઞાનીના માર્ગમાં ભળી જાય છે. ભગવાનના માર્ગમા ભળેલો જ ભગવાનને ખરેખર ઓળખી શકે છે. જ્ઞાનીની ખરી ઓળખાણ પણ કોઈ અપૂર્વ પાત્રતાથી થાય છે. પોતે જ્ઞાનીના માર્ગમાં ભળ્યા વગર, જ્ઞાનીની જાતનો ભાવ પોતામાં પ્રગટ કર્યા વગર (કજાતમાં કે કુમાર્ગમાં રહીને) જ્ઞાનીને ખરા સ્વરૂપે ઓળખી શકાય જ નહીં. માટે કહ્યું કે આત્મા એકલા અનુમાનથી ઓળખતો નથી. સ્વસંવેદન વગરનું બધું થોથેથોથાં છે.

અહા, આચાર્યદેવે એકેક બોલમાં અલૌકિક શૈલિથી આત્મા સમજાવ્યો છે. જેણે જંગલમાં બેઠા બેઠા અંતરમાં ઊંડા ઊતરીને સિદ્ધના ભેટા કર્યાં છે એવા સંતોની આ વાણી છે. ઘણા મહાભાગ્યે આ વાત સાંભળવા મળે તેમ છે.

**ચૈતન્યના ઊંડા ઊંડા હાર્દ ખોલીને,**
**અમૃતચંદ્રાચાર્યદેવના અમૃત પાનાર**
**પરમકૃપાળુ સદ્‌ગુરુદેવનો જય હો!**

## દૃઢ નિશ્ચય

"સત્શ્રુતનો પરિચય જીવે અવશ્ય કરીને કર્તવ્ય છે. કાળવિક્ષેપ અને પ્રમાદ તેમાં વારંવાર અંતરાય કરે છે, કેમકે દીર્ઘકાળ પરિચિત છે. પણ જો નિશ્ચય કરી તેને અપરિચિત કરવાની પ્રવૃત્તિ કરવામાં આવે તો તેમ થઈ શકે એમ છે. મુખ્ય અંતરાય હોય તો તે જીવનો અનિશ્ચય છે."

**શ્રીમદ્ રાજચંદ્ર (૮૨૬)**

# નિશ્ચય.................. અને.................... વ્યવહાર

આત્માના શુદ્ધભૂતાર્થ સ્વભાવની દ્રષ્ટિથી જોતાં આત્મા રાગ–દ્વેષ–મોહથી ભિન્ન છે, તેને કર્મનો સંબંધ પણ નથી. પરંતુ વ્યવહારના વિષયરૂપ પર્યાયમાં રાગ–દ્વેષ–મોહ, કર્મનો સંબંધ વગેરે છે, તે વ્યવહારને જો ન માને તો મોક્ષમાર્ગને સાધવાનું ને રાગદ્વેષ–મોહનો અભાવ કરવાનું પણ રહેતું નથી. બંધન ટાળવું ને મોક્ષને સાધવો–તે બંને પણ વ્યવહારનયનો વિષય છે, માટે તેને જેમ છે તેમ જાણવા જોઈએ.

બંધ ટાળવો ને મોક્ષ કરવો–એ વ્યવહારનયનો વિષય છે–એમ કહ્યું, તેથી કાંઈ વ્યવહારના આશ્રયે તે બંધ ટળે છે ને મોક્ષ થાય છે–એવો તેનો અર્થ નથી. ભૂતાર્થ શુદ્ધસ્વભાવના અવલંબને જ બંધન ટળીને મોક્ષ સધાય છે. પર્યાયમાં બંધ–મોક્ષના ભેદરૂપ વ્યવહારને માને જ નહિ તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ સાધનાનો ઉદ્યમ પણ કેમ કરે? અને નિશ્ચયથી શુદ્ધસ્વભાવ છે તેને જો ન માને તો કોના આશ્રયે મોક્ષને સાધે? માટે, વ્યવહારનય અભૂતાર્થ હોવા છતાં (આશ્રય કરવા યોગ્ય ન હોવા છતાં) તેને જાણવો તો જોઈએ કે પર્યાયમાં બંધન છે ને તે કેમ ટળે? પર્યાયમાં વ્યવહાર જેમ છે તેમ ન ભણે ને 'હું સિદ્ધ ભગવાન છું' એમ માનીને શુષ્કપણે પ્રવર્તે તો તે નિશ્ચયભાસી છે; અને પર્યાયમાં વ્યવહાર છે તેને જ પરમાર્થસ્વરૂપ માની લ્યે કે તેના આશ્રયે કલ્યાણ થવાનું માને તો તે વ્યવહારાભાસી છે. "હે જીવો! સ્વભાવનો આશ્રય કરીને મોક્ષમાર્ગને સાધો ને રાગાદિનો ક્ષય કરો" –આવો મોક્ષનો ઉપદેશ ભગવાને આપ્યો છે. પણ જો પર્યાયમાં બંધન જ ન માને તો તેને એવા મોક્ષના ઉપાયના ગ્રહણનો અભાવ થશે, એટલે કે મોક્ષનો જ અભાવ થશે.

પર્યાયમાં બંધ–મોક્ષ માને તો ભૂતાર્થસ્વભાવના આશ્રયે મોક્ષનો ઉદ્યમ કરે. પણ મારે તો પર્યાયમાં સંસાર છે નહિ એમ માને તેને તો શું ઉદ્યમ કરવાનું રહ્યું? અને જો પર્યાયમાં રાગ હોય તેને જ મોક્ષનું સાધન માની લ્યે તો તે પણ રાગથી ક્યારે છૂટે? ને તેને વીતરાગતાનો ઉદ્યમ ક્યાંથી થાય? રાગ પોતે દુઃખ અને બંધનનું કારણ છે–તો તે મોક્ષસુખનું કારણ કેમ થાય? નિશ્ચય–વ્યવહારના યથાર્થ જ્ઞાનપૂર્વક શુદ્ધસ્વભાવના આશ્રયે ધર્મી જીવ મોક્ષમાર્ગને સાધે છે. ('ભૂતાર્થને આશ્રિત જીવ સુદ્રષ્ટિ નિશ્ચય હોય છે.' એ જ રીતે ભૂતાર્થને આશ્રિત જીવ મુક્તિને પામે છે.)

પર્યાયમા જે રાગદ્વેષ–મોહ છે તે વ્યવહારથી જીવના જ છે; શુદ્ધનિશ્ચયથી ચૈતન્યસ્વભાવથી ભિન્ન બતાવતા ભલે તેને જડ કહ્યા, પણ તેનું અસ્તિત્વ કાંઈ જડની પર્યાયમાં નથી. જીવની પર્યાયમાં તેનું અસ્તિત્વ છે. જો તે રાગદ્વેષ–મોહ જીવની પર્યાયમા ન હોયને જડના જ હોય, તો તે રાગાદિથી જીવને બંધન કેમ થાય? અને જો રાગાદિથી પણ બંધન ન થતું હોય તો પછી વીતરાગતાને ને મોક્ષમાર્ગનો ઉપદેશ દેવાનું કે તેનો ઉદ્યમ કરવાનું ક્યાં રહ્યું? માટે પર્યાયમાં જે રાગાદિ છે તે વ્યવહારથી જીવના જ છે ને તેનાથી કર્મબંધન થાય છે–એમ જાણવું જોઈએ, ને ભૂતાર્થસ્વભાવના આશ્રય વડે તેના નાશનો ઉદ્યમ કરવો જોઈએ.

(સ. ગા. ૪૬ ઉપરના પ્રવચનમાંથી)




અજમેરની દિ. જૈન ભજનમંડળીના પ્રસિદ્ધ ગાયક, અને શ્રી મોહનલાલજી વોહરાના સુપુત્ર શ્રી શાંતિલાલજી વોરા અજમેરમાં તા. ૧૭–૩–૬૪ના રોજ ટૂંકી બિમારીથી અકસ્માત સ્વર્ગવાસ પામ્યા.... તેમની ઉપર માત્ર ૩૬ વર્ષની હતી તેઓ ભજનમંડળીના એક મુખ્ય ગાયક હતા, અને સોનગઢમાં તેમજ સૌરાષ્ટ્રના અનેક ગામોમાં તેઓ અનેકવાર આવી ગયેલા છે. તેમના મધુર ભજનો સૌને પ્રિય લાગતા. આવી નાની ઉંમરમાં તેમના સ્વર્ગવાસથી તેમના કુટુંબને તેમજ ભજનમંડળીને ન પુરાય તેવી ખોટ પડી છે. આ પ્રસંગ વૈરાગ્યપ્રેરક છે. ભાઈ શાંતિલાલજીનો આત્મા ભગવાન જિનેન્દ્રદેવની ભક્તિમાં આગળ વધી તત્ત્વજ્ઞાનવડે આત્મહિત સાધે–એ જ ભાવના.




મોક્ષશાસ્ત્ર–ગુજરાતી ટીકા–સંગ્રહની નવી આવૃત્તિ (ત્રીજી આવૃત્તિ) છપાઈ ગઈ છે. પૃષ્ઠ ૯૧૫ કિંમત રૂ. ૪=૦૦ (ચાર રૂપીઆ) પોસ્ટેજ અલગ.

પ્રાપ્તિસથાનઃ– જૈન સ્વાધ્યાય મંદિર, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# ધન્ય.... ધન્ય.... વિદેહના યાત્રિક

કુંદકુંદપ્રભુના જીવનનો સાક્ષાત્કાર કરાવનારું આ ભજન, ગુરુદેવ સાથેની યાત્રામાં પોન્નૂર તીર્થધામ ઉપર મહા સુદ ૧૪ ના રોજ પૂ. બેનશ્રી–બેને અત્યંત ભક્તિપૂર્વક ગવડાવ્યું હતું. અહા, એ વખતે કુંદકુંદપ્રભુના પાવન ધામમાં કોઈ અનેરા ભાવો જાગતા હતા.

( રાગઃ– ચાલો રે સાધર્મી બેનો.... )

**આજે ગુરુજી મારા પોન્નૂરગીરી પધાર્યા રે...**
**ગુરુદેવના અંતરીયામાં કુંદગુરુ વસીયા રે... આજે૦**

કુંદકુંદદેવા, તારી શી શી કરું સેવા....
ધન્ય ધન્ય મુનિવરા આદર્શ દેવા રે....
પંચમ કાળના આદર્શ દેવા રે... આજે૦

રત્નત્રયધારી ને ચૈતન્ય આરાધી,
શાસનસ્તંભ તુજ ચરણની બલિહારી રે. આજે૦

પોન્નૂરગીરી ! પ્રશ્ન પૂછૂં ઉત્તર તું દેજે....
મારા કુંદપ્રભુજીના સંદેશા સુણાવ રે.... આજે૦

ક્યાં વસતા કુંદપ્રભુ, ક્યાં બિરાજતા કુંદપ્રભુ,
કોણ ભૂમિમાં ઊંડા આત્મધ્યાન સાધ્યા રે. આજે૦

ગિરિરાજ કહે કુંદપ્રભુ અહીં પધાર્યા....
ગિરિરાજ કહે કુંદપ્રભુ અહીં બિરાજ્યા...
અમ ભૂમિમાં ઉગ્ર તપશ્ચર્યા સાધી રે.... આજે૦

કુંદપ્રભુએ ઊંડા આત્મરસ સાધ્યા,
અપ્રમત ઉપયોગી જિનમુદ્રા ધારી રે.... આજે૦

કુંદદેવને લાગી જિનદર્શનની લગની,
કેમ દેખું સાક્ષાત્ સીમંધરદેવા રે.... આજે૦

મુનિ ધ્યાન ફળિયા ને પ્રભુજી બોલ્યા,
સીમંધરનાથના આશીર્વાદ પામ્યા રે....
સીમંધરનાથે જેને આશીર્વાદ આપ્યા રે..... આજે૦

ભરતક્ષેત્રમાંથી ગયા વિદેહક્ષેત્રે....
સાક્ષાત્ પ્રભુજીના દર્શને ચાલ્યા રે,
ઊંચી ઊંચી ભાવનાનાં ફળ રૂડા પામ્યા રે.... આજે૦

ભરતના મુનિવરા વિદેહયાત્રા પામ્યા,
એમ કહાનગુરુ અંતરથી બોલે રે.... આજે૦

સીમંધરનાથના નાદ ઝીલીને,
પરમાગમ શાસ્ત્રોમાં ભાવો ભરી દીધા રે.... આજે૦

પંચમકાળના અચિંત્ય ઉપકારી,
જ્ઞાનેશ્વરી,તપેશ્વરી, ગગનવિહારી રે.... આજે૦

તુજ પરમભક્ત મારા કહાનગુરુ પાક્યા,
તુજ વાણીના અમૃત ઘોળીઘોળી પીધાં રે,
તુજ વાણીના અમૃત ભરતે વહાવ્યા રે.... આજે૦

અદ્ભુત યાત્રા ગુરુદેવે કરાવી,
નિત્યે હોજો ગુરુજીનો સાથ મંગળકારી રે.... આજે૦



પોન્નૂરગિરિ ! પ્રશ્ન પૂછું ઉત્તર તું દેજે....
મારા કુંદપ્રભુના સંદેશા સુણાવ રે

* * *

અદ્‌ભુતયાત્રા ગુરુદેવે કરાવી...........
નિત્ય હોજો ગુરુજીનો સાથ મંગલકારી રે....

# અડોલ વૈરાગ્યમય દિગંબરવૃત્તિ યાદ આવતી હતી



'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' વૈરાગ્યનો ઉત્તમ ગ્રંથ છે. દ્રવ્યને, વસ્તુને યથાવત લક્ષમાં રાખી વૈરાગ્યનું એમાં નિરૂપણ કર્યું છે. દ્રવ્યનું સ્વરૂપ બતાવનાર ચાર શ્લોક અદ્ભુત છે. એને માટે આ ગ્રંથની રાહ જોતા હતા. ગઈ સાલ જેઠ માસમાં મદ્રાસ ભણી જવું થયું હતું. કાર્તિકસ્વામી એ ભૂમિમાં બહુ વિચર્યા છે. એ તરફના નગ્ન, ભવ્ય, ઊંચા, અડોલવૃત્તિથી ઊભેલા પહાડ નીરખી સ્વામી કાર્તિકેયાદિની અડોલ વૈરાગ્યમય દિગંબરવૃત્તિ યાદ આવતી હતી.

**નમસ્કાર તે સ્વામી કાર્તિકેયાદિને.**

( –શ્રીમદ્ રાજચંદ્ર )

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટિંગ પ્રેસ–ભાવનગર.